dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-308 | AD - 2026, Shravan Sud-01 | Thursday, Dt. 13-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સંસદના ચોમાસુ સત્રના ૧૮મા દિવસે પણ લોકસભામાં ભારે હોબાળો જોવા મળ્યો

## સંસદમાં કોઈપણ પ્રશ્નનો જવાબ આપવા તૈયાર : અમિત શાહ

નવી દિલ્હી, તા. ૧૨

સંસદના ચોમાસુ સત્રના ૧૮મા દિવસે પણ લોકસભામાં ભારે હોબાળો જોવા મળ્યો હતો. દિલ્હીમાં પોલીસની કથિત કાર્યવાહી, વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ અને અન્ય મુદ્દાઓને લઈને વિપક્ષ છેલ્લા કેટલાક દિવસોથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પાસેથી જવાબની માગ કરી રહ્યો છે. આ દરમિયાન અમિત શાહે જણાવ્યું હતું કે સરકાર દરેક મુદ્દા પર ચર્ચા કરવા અને વિપક્ષના પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છે.સંસદ પરિસરમાં મીડિયા સાથે વાતચીત કરતાં અમિત શાહે વિપક્ષને પોતાના પ્રશ્નો સ્પષ્ટ રીતે રજૂ કરવા જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે દરેક વ્યક્તિએ પોતાના પ્રશ્નો લખી લેવા જોઈએ અને સરકાર તેમની ચર્ચા માટે તૈયાર છે.

શાહે એવો પણ આક્ષેપ કર્યો હતો કે વિપક્ષ બંને ગૃહોની કાર્યવાહી સતત અટકાવી રહ્યો છે. તેમના જણાવ્યા મુજબ, તેઓ નિયમિત રીતે સંસદમાં હાજર રહે છે અને પોતાના ચેમ્બરમાં પણ ઉપલબ્ધ રહે છે.ચર્ચા અંગે શાહે કહ્યું હતું કે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ સરકારની સ્થિતિ સ્પષ્ટ કરી છે.

તેમણે જણાવ્યું હતું કે સરકાર સંબંધિત મુદ્દાઓ પર સંપૂર્ણ ચર્ચા માટે તૈયાર છે અને વિપક્ષે ચર્ચા માટે જે માગણી કરી હતી, તેને પણ સરકારે સ્વીકારી છે. શાહે ભારપૂર્વક કહ્યું હતું કે તેઓ સંસદમાં કોઈપણ પ્રશ્નનો જવાબ આપવા તૈયાર છે અને



સરકાર પાસે છુપાવવા માટે કંઈ નથી.

બીજી તરફ, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ અમિત શાહના નિવેદન પર વળતો પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે વિપક્ષને માત્ર ભાષણ સાંભળવામાં રસ નથી, પરંતુ વિદ્યાર્થીઓ સામે થયેલી પોલીસ કાર્યવાહીના આદેશ અંગે સ્પષ્ટ જવાબ જોઈએ છે. રાહુલ ગાંધીએ પ્રશ્ન કર્યો હતો કે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે ગોળીબાર અથવા લાઠીચાર્જ કરવાનો આદેશ કોણે આપ્યો હતો અને શું તેમાં ગૃહ મંત્રાલયની ભૂમિકા હતી.

રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે અમિત શાહ છેલ્લા કેટલાક દિવસોથી વિપક્ષના પ્રશ્નોથી દૂર રહી રહ્યા છે. તેમણે ગૃહમંત્રીના રાજીનામાની પણ માગણી કરી હતી. તેમના જણાવ્યા મુજબ, જો પોલીસ કાર્યવાહીના આદેશ ગૃહમંત્રી દ્વારા આપવામાં આવ્યા હોય તો જવાબદારી સ્વીકારીને રાજીનામું આપવું જોઈએ અને જો આદેશ આપવામાં આવ્યા ન હોય તો પણ તેમની જવાબદારી અંગે પ્રશ્નો ઊભા થાય છે.

ટીએમસી સાંસદ અભિષેક બેનર્જીએ પણ અમિત શાહ પર વિપક્ષના પ્રશ્નો ટાળવાનો આરોપ લગાવ્યો હતો. બીજી તરફ, ભાજપના સાંસદ સંજય જયસ્વાલે કોંગ્રેસ પર ભ્રષ્ટાચારના મુદ્દે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે સીમાંકન અને બેઠકો અંગેના વિવાદમાં સંસદની સત્તાને મહત્વપૂર્ણ ગણાવી હતી.

આ સમગ્ર ઘટનાક્રમથી સ્પષ્ટ થાય છે કે સંસદમાં સરકાર અને વિપક્ષ વચ્ચેનો રાજકીય ટકરાવ વધુ ઉગ્ર બન્યો છે. બંને પક્ષો પોતાના મુદ્દાઓને મજબૂતીથી રજૂ કરી રહ્યા છે, ત્યારે સંસદીય કાર્યવાહી સરળતાથી ચાલે અને મહત્વપૂર્ણ મુદ્દાઓ પર તથ્યપૂર્ણ ચર્ચા થાય તે હવે મુખ્ય પ્રશ્ન બન્યો છે.

## કર્ણાટક સરકારે તમાકુયુક્ત ગુટખા પર એક વર્ષનો પ્રતિબંધ મુક્યો

બેંગ્લુરૂ,તા.૧૨

જાહેર આરોગ્યને ધ્યાનમાં રાખીને કર્ણાટક સરકારે રાજ્યભરમાં તમાકુ અને નિકોટિનયુક્ત ગુટખા પર એક વર્ષ માટે પ્રતિબંધ મૂક્યો છે. આ પ્રતિબંધ ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬થી અમલમાં આવ્યો છે અને ૯ ઓગસ્ટ, ૨૦૨૭ સુધી લાગુ રહેશે. સરકારના નિર્ણય બાદ રાજ્યમાં ગુટખાનું ઉત્પાદન, સંગ્રહ, પરિવહન, વિતરણ અને વેચાણ કરી શકાશે નહીં.આ સંદર્ભમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના ખાદ્ય સુરક્ષા



અને ઔષધ વહીવટ વિભાગે ૧૦ ઓગસ્ટે સરકારી સૂચના જાહેર કરી હતી. વિભાગે જણાવ્યું છે કે ગુટખા, પાનમસાલા તથા તમાકુ અને નિકોટિન ધરાવતા અન્ય પ્રતિબંધિત ઉત્પાદનો સામે રાજ્યભરમાં વિશેષ નિરીક્ષણ અને અમલીકરણ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે.સરકારે ખાદ્ય સુરક્ષા અને ધોરણો અધિનિયમ, ૨૦૦૬ની કલમ ૩૦(૨) તથા ખાદ્ય સુરક્ષા અને ધોરણો (વેચાણ પર પ્રતિબંધ અને નિયંત્રણો) નિયમો, ૨૦૧૧ના નિયમન ૨.૩.૪ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને આ કાર્યવાહી કરી છે. ખાદ્ય સુરક્ષા અધિકારીઓ પ્રતિબંધિત ઉત્પાદનોના ઉત્પાદનથી લઈને વેચાણ સુધીની સમગ્ર પ્રક્રિયા પર નજર રાખશે અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરશે. વિભાગે લોકોને પ્રતિબંધિત તમાકુ અથવા નિકોટિનયુક્ત ઉત્પાદનોના ઉત્પાદન, વેચાણ કે વિતરણ અંગેની માહિતી સંબંધિત અધિકારીઓને આપવા અપીલ કરી છે. સરકારનો હેતુ સ્વસ્થ અને નશામુક્ત કર્ણાટકનું નિર્માણ કરવાનો છે.

## નોવેલ ટાટા સાથેના મતભેદને લઈ ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરનું રાજીનામુ

નવીદિલ્હી,તા.૧૨

ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરન પોતાના વર્તમાન કાર્યકાળની સમાપ્તિ બાદ ફરીથી ચેરમેન તરીકે નિયુક્તિ મેળવવા માંગતા નથી. અહેવાલો અનુસાર, તેમણે બોર્ડને તેમના અનુગામી અંગે નિર્ણય લેવા જણાવ્યું છે. તેમનો વર્તમાન કાર્યકાળ ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૭ના રોજ પૂર્ણ થવાનો છે. જોકે, ૧૮ ઓગસ્ટે યોજાનારી કંપનીની વાર્ષિક સામાન્ય સભામાં ટાટા સન્સના ડિરેક્ટર તરીકે તેમની પુનઃનિયુક્તિ



અંગે શેરધારકો મતદાન કરશે. ચંદ્રશેખરનને ૨૦૧૭માં ટાટા સન્સના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તે પહેલાં તેમણે ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસના મુખ્ય કાર્યકારી અધિકારી તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ટાટા ગ્રુપ સાથે તેમનો સંબંધ ૧૯૮૭થી રહ્યો છે.

અહેવાલોમાં ટાટા ટ્રસ્ટના ચેરમેન નોએલ ટાટા અને ચંદ્રશેખરન વચ્ચે કેટલાક મુદ્દાઓ પર મતભેદ હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ટાટા ટ્રસ્ટ ટાટા સન્સમાં સૌથી મોટો શેરધારક છે અને જૂથની વ્યૂહાત્મક દિશામાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા છે. ફેબ્રુઆરીમાં ચંદ્રશેખરનની પુનઃનિયુક્તિ અંગેનો નિર્ણય બોર્ડે મુલતવી રાખ્યો હતો.આ સમાચારની અસર ટાટા ગ્રુપની કેટલીક લિસ્ટેડ કંપનીઓના શેર પર પણ જોવા મળી હતી. ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, ટીસીએસ, ટાઈટન અને ટાટા પાવરના શેરમાં બુધવારે સવારના વેપાર દરમિયાન ઘટાડો નોંધાયો હતો.

### મેયરે મૃતકોના પરિવાજનો માટે રૂા.૪ લાખની સહાયની જાહેરાત કરી

## ઘાટકોપરમાં ભૂસ્ખલનને કારણે કાટમાળ નીચે દટાતા ૬ લોકોના મોત

મુંબઈ,તા.૧૨

મુંબઈના ઘાટકોપર વિસ્તારમાં ભારે વરસાદને કારણે બુધવારે વહેલી સવારે ભૂસ્ખલનની ગંભીર ઘટના બની હતી. ઘાટકોપર-કુર્લા રોડ નજીક આવેલા અશોક નગરની ગૌસિયા ચાલમાં સવારે લગભગ ૩:૪૮ વાગ્યે ભૂસ્ખલન થતાં અનેક ઘરો કાટમાળ નીચે દટાયા હતા. ઘટનાની જાણ થતાં જ મુંબઈ ફાયર બ્રિગેડ, પોલીસ, એનડીઆરએફ, ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા અને



બીએમસીની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. બચાવકર્મીઓ કાટમાળ હટાવીને ફસાયેલા લોકોને શોધી રહ્યા છે.રાજાવાડી હોસ્પિટલમાં લાવવામાં આવેલા છ લોકોને તબીબોએ મૃત જાહેર કર્યા હતા. મૃતકોમાં મોહમ્મદ સમીર અંસારી (૧૪), સાહિલ હુસૈન અબ્દુલ કાઝી (૧૯), ૪૫ વર્ષીય અજ્ઞાત વ્યક્તિ, અબાન આરિફ શેખ (૨), મનાત આરિફ શેખ (૪) અને મરજીના આરિફ શેખ (૨૭)નો સમાવેશ થાય છે. કુર્લા ભાભા હોસ્પિટલમાં દાખલ ચારેય ઘાયલોની સ્થિતિ સ્થિર હોવાનું જણાવાયું છે.પ્રશાસનના જણાવ્યા અનુસાર, કાટમાળ નીચે હજુ છથી આઠ લોકો ફસાયેલા હોવાની શક્યતા છે. મેયરે મૃતકોના પરિવારજનોને ચાર લાખ રૂપિયા અને ઘાયલોને સારવાર માટે પચાસ હજાર રૂપિયાની તાત્કાલિક સહાય જાહેર કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ચોમાસા પહેલાં જોખમી મકાનોને નોટિસ આપવામાં આવી હતી. પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યા બાદ જરૂર જણાય તો અસરગ્રસ્ત રહેવાસીઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવશે. આ ઘટનાએ મુંબઈના ભૂસ્ખલન પ્રવણ વિસ્તારોમાં રહેનારા લોકોની સુરક્ષા અંગે ફરી ગંભીર ચિંતા ઊભી કરી છે.

## ચોથા બાળકની પ્રસુતી માટે મહિલા કર્મચારીને રજા નહી : અલ્હાબાદ હાઈકોર્ટ


અલાહાબાદ,તા.૧૨

અલાહાબાદ હાઈકોર્ટે સરકારી મહિલા કર્મચારી શશી કુમારીની ચોથા બાળક માટે પ્રસુતિ રજા માંગતી અરજી ફગાવી દીધી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે નિયમો મુજબ બેથી વધુ જીવિત બાળકો ધરાવતી મહિલા કર્મચારી આ લાભ મેળવવા માટે પાત્ર નથી. અરજદારે અગાઉ રજા ન લીધી હોવાની દલીલ કરી હતી, પરંતુ સરકારી વકીલે રજા લેવાઈ હોવાનો વિરોધ નોંધાવ્યો હતો. સામાન્ય રીતે માત્ર બે બાળકો સુધી જ છ મહિનાની ચૂકવણી સાથેની પ્રસૂતિ રજા મળે છે.









# ધારીમાં લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી) અને વિ.હિ.પ. દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ધારી,તા.૧૨

ધારીમાં લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી), ધારી તાલુકા વિશ્વ હિન્દુ પરિષદ અને સુદર્શન નેત્રાલયના સહયોગથી ૨૭મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો હતો. રળિયાતબા ઘર ખાતે યોજાયેલા આ કેમ્પમાં કુલ ૮૯ દર્દીઓએ લાભ લીધો હતો.



જેમાંથી ૩૪ દર્દીઓના ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી નેત્રમણી બેસાડવામાં આવી હતી. ડૉ. અલ્કાબેન વાટુકીયા અને તેમની નર્સિંગ ટીમ દ્વારા મોતિયો, જામર, વેલ, પરવાળા, ત્રાંસી આંખ, કીકી અને પડદા સહિતના આંખના વિવિધ રોગોની તપાસ કરવામાં આવી હતી. જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય, અમરેલી ખાતે લઈ જઈ સારવાર કરવામાં આવી હતી. કેમ્પ દરમિયાન તમામ ૮૯ દર્દીઓના બ્લડ પ્રેશર અને બ્લડ સુગરની પણ તપાસ કરવામાં આવી હતી. આંખની જાળવણી અને જાગૃતિ માટે ૩ હજાર જેટલી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના ખેલાડીઓનો જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધામાં ૨૩ મેડલ જીત્યા

અમરેલી,તા.૧૨

સાવરકુંડલા ખાતે ૬-૭ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ આયોજિત SGFI જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધામાં ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. સુવર્ણ મેડલ મેળવનાર ખેલાડીઓમાં છત્રોલા હેમાદ્રી, ચૌહાણ શ્રેયા, કારેના ઉર્વી, સોલંકી વંદના, ખાંભલા સોહિલ,




ધાધલ મનદીપ, વાળા વંશ, વાળા વિશ્વરાજ અને વાળા દેવેન્દ્ર સમાવિષ્ટ છે. રજત મેડલ ભડાણીયા હસ્તી, સોલંકી પલ, આલ ધનેશ્રી, બારિયા પરી, વાળા હરપાલ, રાઠોડ દેવ અને ધડુક હેનીલે મેળવ્યા હતા. જ્યારે કાંસ્ય મેડલ ડાંગર માનવ, ગોહિલ યુવરાજ, વામજા કૃપા, ડાંગર ધાર્મિક, ખસીયા અનીતા, નાઘેરા જીયા અને ડાભી તનીશ્કાએ પ્રાપ્ત કર્યા હતા. આ તકે વસંતભાઈ ગજેરા, અશોકભાઈ ગજેરા, ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને વસંતભાઈ પેથાણીએ વિજેતા ખેલાડીઓ તથા કોચને અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલીની પરિણીતાને રાજકોટમાં પતિએ મેણા-ટોણા મારતા ફરિયાદ

અમરેલી, તા.૧૨

અમરેલીની પરિણીતાને રાજકોટમાં પતિએ મેણા-ટોણા માર્યા હતા. આ અંગે સાજેદાબેન અલ્તાફભાઈ રાઉમા (ઉ.વ.૩૭)એ પતિ અલ્તાફભાઈ અબુભાઈ રાઉમા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના નિકાહની તા.૧૨/૦૨/૨૦૧૨ થી તા.૧૨/૦૬/૨૦૨૬ દરમ્યાન રાજકોટ મુકામે તેના પતિ અલ્તાફભાઈ અબુભાઈ રાઉમાએ અવારનવાર ઘરકામ તેમજ અન્ય બાબતોમાં મેણા-ટોણા મારી શારીરિક-માનસિક દુઃખ-ત્રાસ આપ્યો હતો. ઉપરાંત ગાળો બોલી ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી.આદ્રોજા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

ચલાલા,તા.૧૨

ચલાલાના ગાયત્રી સંસ્કાર ધામ ખાતે સંત ડૉ. રતીદાદાના માર્ગદર્શન હેઠળ સર્વરોગ નિદાન અને સેવાકીય આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. કેમ્પમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો. કેમ્પ દરમિયાન દાંતના રોગોની તપાસ અને સારવાર કરવામાં આવી હતી તેમજ આંખોના નિદાન સાથે મોતિયાના ઓપરેશન માટે દર્દીઓની ચકાસણી કરાઈ હતી. જરૂરિયાત



ધરાવતા દર્દીઓને રાજકોટની રણછોડદાસ બાપુ હોસ્પિટલ ખાતે મોતિયાના ઓપરેશન માટે લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઓપરેશન બાદ દર્દીઓ માટે નાસ્તો તેમજ સુરક્ષિત રીતે ઘરે પરત મોકલવાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. કેમ્પમાં આયુર્વેદિક સારવાર વિભાગ પણ કાર્યરત રહ્યો હતો, જેમાં વિવિધ રોગોનું નિદાન કરી દર્દીઓને વિનામૂલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવ્યુ હતું. સમગ્ર કેમ્પ દરમિયાન સેવાભાવી કાર્યકરો દ્વારા દર્દીઓને માર્ગદર્શન અને સહાય પૂરી પાડવામાં આવી હતી.

# અમરેલી ચિતલ રોડ સેન્ટર પોઈન્ટ પાસેથી કતલખાને ધકેલાતી ૧૨ ભેંસ બચાવાઈ

અમરેલી, તા.૧૨

અમરેલી ચિતલ રોડ સેન્ટર પોઈન્ટ પાસેથી કતલખાને ધકેલાતી ૧૨ ભેંસોને બચાવાઈ હતી.

ચિતલ જીન પ્લોટમાં રહેતો ફિરોજભાઈ યુસુફખાન પઠાણ (ઉં.વ.૪૦) પોતાના હવાલાવાળા ટ્રકમાં અત્યંત ટૂંકી દોરીથી, ખીચોખીચ અને હલનચલન ન કરી શકે તે રીતે અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધીને કતલ કરવાના ઈરાદે ૧૨ ભેંસ લઈ જતાં ઝડપાયો હતો. આ ભેંસો તેને અલ્ફેઝભાઈ મહેબૂબભાઈ કાલવાએ પોતાના તબેલામાંથી ભરી આપી હતી.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. એન. માલકિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગર પંથકના ખેડૂતો ૨૨૦ કેવી વીજ લાઈનના વળતર મુદ્દે આક્રમક

**જેટકોની વીજ લાઇનમાં પાક નુકશાન અને વળતર મુદ્દે ખેડૂતોમાં રોષ**

દામનગર,તા.૧૨

દામનગર સહિત પંથકના ગ્રામ્ય વિસ્તારોમાંથી જેટકો દ્વારા પસાર થતી ૨૨૦ કેવી વીજ લાઈનના વળતર મુદ્દે ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. લાઈનના કારણે ખેતી પાક નુકશાન, જોખમો તેમજ પરિપત્રની વિસંગતતા અંગે ખેડૂતોની બેઠક યોજાઈ હતી. દામનગર, ઠાંસા, ધામેલ, હજીરાધાર, નવાગામ, દહીથરા અને ધ્રુફણીયા સહિતના ગામોના ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. પાડરશિંગા મયુરભાઈ જાગાણી, હિંમતભાઈ મેરુલિયા, પ્રવિણભાઈ ઈસામલીયા, નારણભાઈ નારોલા, વલ્લભભાઈ ઈસામલિયા અને નાગજીભાઈ માણિયા સહિતના ખેડૂતોને વળતર અને હક્ક અધિકાર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં સરકાર અને જેટકો સામે આંદોલન કરવાની રણનીતિ માટે ગામડે ગામડે બેઠકો યોજાશે તેમ મયુર જાગાણીએ જણાવ્યું હતુ.

# જાફરાબાદના મોટા ઉચાણીયા ગામે ગેલેરીમાંથી પડી જવાથી પ્રૌઢનું મોત

જાફરાબાદ, તા.૧૨

જાફરાબાદના મોટા ઉચાણીયા ગામે મકાનના બીજા માળની ગેલેરીમાંથી નીચે પટકાતાં એક પ્રૌઢનું કરુણ મોત નીપજ્યું હતું.

આ અંગે મહેશભાઈ રતીલાલભાઈ રાજ્યગુરુ (ઉ.વ.૬૩)એ પોલીસને આપેલી માહિતી મુજબ, પિયુષભાઈ રમેશભાઈ રાજ્યગુરુ (ઉ.વ.૬૦) ગેલેરીમાંથી અકસ્માતે નીચે પડી જતાં તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. પ્રૌઢના અચાનક અવસાનથી પરિવારમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી. આ બનાવ અંગે જાફરાબાદ પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.પી. બારૈયા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# મોટા લીલીયામાં 'હર ઘર તિરંગા' અભિયાનને લઈ આયોજન બેઠક

લીલીયા,તા.૧૨

લીલીયા સ્થિત અટલ ધારા કાર્યાલય ખાતે આગામી દિવસોમાં યોજાનાર 'હર ઘર તિરંગા' અભિયાનને સફળ બનાવવા માટે સમીક્ષા અને આયોજન બેઠક યોજાઈ હતી. બેઠકમાં તાલુકા પ્રભારી ભુપતભાઈ ભાયાણી તથા જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ ઉપસ્થિત રહ્યા હતા. ભુપતભાઈ ભાયાણીએ જણાવ્યું હતું કે દરેક ઘર, વેપારી પ્રતિષ્ઠાન અને સરકારી ભવન ઉપર ગૌરવભેર તિરંગો લહેરાય તે માટે સૌએ જોડાવું જરૂરી છે. જીગ્નેશ સાવજે અભિયાનનો ગ્રામીણ વિસ્તારો સુધી બહોળો પ્રચાર



કરવા આહવાન કર્યું હતું. બેઠકમાં તિરંગા યાત્રા, જાગૃતિ કાર્યક્રમો અને ઘર-ઘર તિરંગો પહોંચાડવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં હોદેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાથી સોમનાથની પદયાત્રાનો પ્રારંભ થયો, ૮૦ શિવભક્તો જોડાયા

સાવરકુંડલા,તા.૧૨

સાવરકુંડલા ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સોમનાથ પદયાત્રા સંઘ દ્વારા સાવરકુંડલાથી પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ સુધીની ૩૩મી વાર્ષિક પદયાત્રાનો ઉત્સાહભેર પ્રારંભ થયો હતો. છેલ્લા ૩૨ વર્ષથી યોજાતી આ પદયાત્રામાં આ વર્ષે સાવરકુંડલા ઉપરાંત



સુરત, મુંબઈ અને અમદાવાદથી આવેલા શિવભક્તો સહિત ૭૦થી ૮૦ જેટલા પદયાત્રીઓ અને સ્વયંસેવકો જોડાયા છે. તા.૧૦ ઓગસ્ટે પ્રસ્થાન કરેલો સંઘ તા.૧૪ ઓગસ્ટે સોમનાથ પહોંચશે અને ધજા રોહણ કર્યા બાદ યાત્રા પૂર્ણ થશે. યાત્રાળુઓ માટે માર્ગમાં ચા-નાસ્તો, ભોજન-પ્રસાદ અને રાત્રિ રોકાણની વ્યવસ્થા કરવામાં આવી છે. આયોજનમાં શૈલેષભાઈ જોશી સહિત શિવભક્તો સેવા આપી રહ્યા છે.

# અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં વિવિધ સ્પર્ધાઓ સાથે પ્રિ-ઈન્ડિપેન્ડન્સડે ઉજવાયો

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે તા.૦૫/૦૮/૨૦૨૬ થી ૧૦/૦૮/૨૦૨૬ દરમિયાન સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના પૂર્વ આયોજનરૂપે વિવિધ જ્ઞાનપ્રદ, સર્જનાત્મક અને સાંસ્કૃતિક સ્પર્ધાઓ સાથે પ્રિ-ઈન્ડિપેન્ડન્સડે સેલિબ્રેશનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી અંતર્ગત વક્તૃત્વ, ચિત્ર, નિબંધ લેખન, ક્વિઝ અને રંગોળી



સ્પર્ધાનું આયોજન યોજાયું હતું, જેમાં વિદ્યાર્થિનીઓએ રાષ્ટ્રનિર્માણ, વિકસિત ભારત, દેશપ્રેમ, રાષ્ટ્રીય એકતા અને પર્યાવરણ સંરક્ષણ જેવા વિષયો પર પોતાની સર્જનાત્મકતા, કલાત્મકતા અને વક્તૃત્વકૌશલ્ય રજૂ કર્યા હતા. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિજેતા વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. વિલાસબહેન સોરઠીયાના માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઑફિસર ડૉ. નિરૂપા ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં અધ્યાપકોએ નિર્ણાયક તરીકે ફરજ નિભાવી સહયોગ આપ્યો હતો.









# અમરેલીમાં ૧૫ ઓગસ્ટના રાજ્યકક્ષાના કાર્યક્રમનું પ્રથમ રિહર્સલ યોજાયું

અમરેલી,તા.૧૨



અમરેલીમાં ૧૫ ઓગસ્ટના રોજ યોજાનાર ૮૦મા રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી માટે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને મુખ્ય પરેડ ગ્રાઉન્ડ સહિતના સ્થળોએ પ્રથમ રિહર્સલ યોજાયું હતું. કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી પ્રજાપતિ અને જિલ્લા પોલીસ વડા સંજય ખરાત સહિતના અધિકારીઓએ વિવિધ સ્થળોની મુલાકાત લઈ સુરક્ષા, ટ્રાફિક, બેઠક અને મલ્ટીમીડિયા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. રિહર્સલમાં પોલીસ પરેડ, મહિલા રાયફલ ડ્રીલ, સાંસ્કૃતિક કાર્યક્રમ, ડોગ-શો, માઉન્ટેડ અશ્વ-શો અને ટેન્ટ પેગીંગનો સમાવેશ થયો હતો. સાંજે યોજાનારા મલ્ટીમીડિયા કાર્યક્રમ અને 'એટ હોમ'નું પણ રિહર્સલ કરાયું હતું. ૧૩ ઓગસ્ટની તિરંગા યાત્રા અને રંગ કસુંબલ લોકડાયરાની તૈયારીઓ પણ અંતિમ તબક્કામાં છે.

# ધારાસભ્ય જનક તળાવીયાની હાજરીમાં દામનગર ખાતે તિરંગા યાત્રા યોજાઈ

દામનગર,તા.૧૨



દામનગર શહેરમાં આગામી સ્વતંત્રતા પર્વની ઉજવણી નિમિત્તે 'હર ઘર તિરંગા અભિયાન' અંતર્ગત ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રામાં લાઠી-બાબરા વિધાનસભાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. યાત્રામાં દામનગર શહેર ભાજપ પ્રમુખ નરેશ મકવાણા, નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, ચેરમેન તેમજ શહેર ભાજપના મહામંત્રી સહિતના આગેવાનો જોડાયા હતા. તાલુકા ભાજપના પ્રમુખ અને મહામંત્રી સહિતના કાર્યકરો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિશાળ જનમેદની સાથે યોજાયેલી આ તિરંગા યાત્રામાં લોકો હાથમાં તિરંગો લઈને દેશભક્તિના નારા લગાવતા જોવા મળ્યા હતા. યાત્રા દરમિયાન દેશભક્તિના ગીતો તેમજ રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને દેશભક્તિના માહોલથી દામનગર શહેર ગુંજી ઉઠ્યું હતું.

# ૬ માસની સજા પામેલો આરોપીને લીલીયા પોલીસે ઝડપી પાડ્યો

લીલીયા,તા.૧૨



લીલીયા પોલીસની ટીમે લોનના નાણાં ન ભરવાના કેસમાં ૬ માસની સજા પામેલા અને ધરપકડથી બચવા નાસતા ફરતા વસીમભાઈ મહમદભાઈ સમા ઉંમર ૩૩ વર્ષ, રહે. લીલીયા મોટા નાવલી બજાર,ને ચોક્કસ બાતમીના આધારે લીલીયા ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. બાદમાં કોર્ટના હુકમ મુજબ આરોપીને અમરેલી જિલ્લા જેલ ખાતે કેદમાં રહેવા સોંપવામાં આવ્યો હતો.

# બાબરા ખાતે શહેર-તાલુકા ભાજપ દ્વારા તિરંગા યાત્રા અંગે બેઠક યોજાઈ

બાબરા,તા.૧૨



તસવીર : દિપક કનૈયા

બાબરા શહેર અને તાલુકા ભાજપ દ્વારા આગામી હર ઘર તિરંગા અભિયાન તથા તિરંગા યાત્રાને સફળ બનાવવા મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં તિરંગા યાત્રાને ભવ્ય અને શિસ્તબધ્ધ રીતે યોજવા તેમજ વધુમાં વધુ નાગરિકોને જોડવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે શહેર ભાજપ પ્રભારી ભાવનાબેન ગોંડલિયા, અનિલભાઈ વેકરિયા, તાલુકા ભાજપ પ્રભારી વિઠ્ઠલભાઈ ગજેરા, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરિયા, શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખંખર, મહામંત્રી રમેશભાઈ સાંગડિયા તથા તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ વાઘેલા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા, તાલુકા અને શહેર ભાજપના હોદ્દેદારો, વિવિધ મોરચાના આગેવાનો તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ હાજરી આપી હતી. બેઠકમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન અને રાષ્ટ્રભક્તિની ભાવના જનજન સુધી પહોંચાડવા માટેના આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# બગસરા નજીક ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૦૦ બોટલ સાથે બે ઝડપાયા

અમરેલી, તા.૧૨

બગસરા આદપુર રોડ પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૦૦ બોટલ ઝડપાઈ હતી. મનીષ રમેશભાઈ રાબડીયા (ઉ.વ.૨૭) અને જયદીપ ઉર્ફે ગુડીયો પ્રવીણભાઈ કામળીયા (ઉ.વ.૩૨) પાસેથી પાસ પરમીટ વગર ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૦૦ બોટલ મળી આવી હતી. તેમણે આ મુદ્દામાલ તેજસ શૈલેષભાઈ ધાંધીયા પાસેથી ખરીદ્યાની કબૂલાત કરી હતી. પોલીસે રૂ. ૧૭ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. ખાંભાના પચપચીયા ગામે રામજી મંદિર પાસેથી એક યુવક દારૂની બોટલ સાથે ઝડપાયો હતો. મોટા માણસા ગામેથી બે લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી પાંચ ઈસમો નશાની હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# સાવરકુંડલા કે.કે. હાઈસ્કૂલમાં પ્રી-ઈન્ડિપેન્ડન્સ ડેની ઉજવણી

સાવરકુંડલા,તા.૧૨



સાવરકુંડલા સ્થિત કે.કે. હાઈસ્કૂલ ખાતે **NSS** યુનિટ દ્વારા પ્રી-ઈન્ડિપેન્ડન્સ ડે અંતર્ગત વિવિધ સ્પર્ધાત્મક કાર્યક્રમોનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. ઓગસ્ટ માસના પ્રથમ સપ્તાહમાં દેશભક્તિ, સ્વાતંત્ર્ય સંગ્રામ અને રાષ્ટ્રનિર્માણ જેવા વિષયો પર ચિત્ર, નિબંધ, રંગોળી અને વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લઈ પોતાની કલા અને વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું આયોજન આપાભાઈ માંજરીયા તથા જયંતીભાઈ ખડદિયાએ કર્યું હતું. આચાર્ય ચેતનકુમાર એન. ગુજરીયાનું માર્ગદર્શન મળ્યું હતું.

# લીલીયાના ગુંદરણ ગામની સીમમાં ૧૧ કે.વી.ની સિમેન્ટના થાંભલાવાળી પાવર લાઈનમાં તોડફોડ

લીલીયા, તા.૧૨

લીલીયાના ગુંદરણ ગામની સીમમાં ૧૧ કે.વી.ની સિમેન્ટના થાંભલાવાળી પાવર લાઈનમાં તોડફોડ કર્યાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. શેખ પીપરીયા ગામે રહેતા અશોકભાઈ ભીખાભાઈ ડેર (ઉ.વ.૩૮)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ગુંદરણ ગામની સીમમાં આવેલી રઘુવીર એવન્યુઝ પ્રાઈવેટ લિમિટેડ સોલાર કંપનીથી ગુંદરણ ૬૬ કે.વી.માં પાવર સપ્લાય કરવાની ૧૧ કે.વી.ની સિમેન્ટના થાંભલાવાળી પાવર લાઈનના દસ સિમેન્ટના થાંભલા તોડી નાખી, સિમેન્ટના થાંભલા તથા થાંભલા સાથે જોડેલ એલ્યુમિનિયમ વાયરનું આશરે રૂ. ૧,૬૦,૦૦૦નું નુકસાન કર્યું હતું. લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ છબીલદાસ બટુકદાસ ટીલાવત વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ધારી તાલુકાના હીરાવા ગામે મહિલાને લાકડાના ધોકાથી ફટકારી ધમકી આપી

**બેફામ ગાળો પણ આપી**

ધારી, તા.૧૨

ધારીના હીરાવા ગામે મહિલાને લાકડાના ધોકાથી ફટકારવામાં આવી હતી, તેમજ ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે જસુબેન જેરામભાઈ મકવાણા (ઉ.વ.૬૫)એ કેતનભાઈ ધીરૂભાઈ ડાભી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાની વાડીએથી ઘરે આવતા હતા ત્યારે તેમના જમાઈને તેમની દીકરીને સમજાવવા તેમજ તેડી જવા માટે કહ્યું હતું. તેઓ આરોપીને સમજાવવા જતા, આરોપીએ હાથમાં રહેલા લાકડાના ધોકા વડે તેમને એક ઘા ડાબા હાથની કોણીથી નીચેના ભાગે માર્યો હતો. તેમજ બીજો ઘા ડાબા સાથળના ભાગે મારી હાથમાં ફેક્ચર કર્યું હતું. ઉપરાંત, ઓપરેશન કરાવવું પડે તેવી ગંભીર ઈજા તથા પીઠના પાછળના ભાગે પાટુઓ મારી શરીરે મૂંઢ ઈજાઓ કરી, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. બી.માઢક વધુ તપાસ કરી રહ્યા છે.




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## અવસાન નોંધ

**રાજકોટ**

શ્રી દશા સોરઠીયા વણિક શ્રી લલિતભાઈ જમનાદાસ સાંગાણી તારીખ ૧૧-૦૮-૨૦૨૬ મંગળવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે તેમની પ્રાર્થના સભા તારીખ ૧૩-૦૮-૨૦૨૬ને ગુરુવારના રોજ સાંજે ૪થી૬ માલવીયા વાડી ગોંડલ રોડ રાજકોટ ખાતે રાખેલ છે તે સ્વશ્રી મંજુલાબેન જમનાદાસ નરેશભાઈના પુત્ર તે ભાવનાબેનના પતી, ચિરાગભાઈ, સ્વ નયનાબેન વખારીયા, જોસનાબેન બાબરીયા, જયશ્રીબેન માંડવીયા, મધુબેનદોશીના ભાઈ, ખ્યાતીબેન સાંગાણીના જેઠ તથા જીજ્ઞાસાબેન જતીનકુમાર વખારીયા, કાજલબેન પીયૂષકુમાર ગોરસીયા, રાકેશભાઈ (વિકી) સમીરભાઈ (બાલકૃષ્ણ ઇમિટેશન વાળા)ના પિતાશ્રી, સલોનીના મોટા પપા, નેન્સી, ધ્રુવી, વિહાનના નાના તથા ભીખાલાલ અમૃતલાલ મયાનીના બનેવી.

# રાજુલાની એચ.બી. સંઘવી મહિલા કોલેજમાં વેલકમ ડે કાર્યક્રમ યોજાયો

રાજુલા,તા.૧૨



રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન એચ. બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ ખાતે પ્રથમ વર્ષ બી.એ. અને બી.કોમ.ની વિદ્યાર્થીનીઓ માટે વેલકમ ડે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળે કોલેજની શૈક્ષણિક અને વહીવટી પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. કાર્યક્રમમાં ગીત-સંગીત, નાટક, રાસ-ગરબા, ભજન, લોકગીત અને વક્તવ્ય સહિતની વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. એન.એસ. એસ.ના સ્વયંસેવક બહેનો તથા પ્રાધ્યાપકોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## :: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે અમો જમીનના માલીક **ગોપાલભાઈ પરસોતમભાઈ પોકળ**ની સંયુકત કબજા ભોગવટાની માલીકીની **અમરેલી** જીલ્લાના **અમરેલી** તાલુકાના **પીપળલગ** ગામે આવેલ જુની શરતની ખેતીની જમીન જેના **રે.સ.નં.૩૦૫/ પૈકી ૨ (જુનો રે.સ.નં.૪૬/૧)** વાળી જમીન પુરેપુરી અથવા તે પૈકીના હિસ્સાનું વેચાણથી આપવાનુ નકકી કરેલ હોય અને આ બાબતનો અમરેલી સબરજીસ્ટ્રાર કચેરીમાં ખરીદનાર **(૧) શ્રી રેખાબેન જીતેશભાઈ વસાણી, તથા (૨) શ્રી મીત જીતેશભાઈ વસાણી**ની તરફેણનો વેચાણ દસ્તાવેજ ટુંક સમયમાં નોંધાવવાનો હોય તથા જમીનનો કબજો સોપવાનો હોય તેથી આ જાહેર નોટીસથી જાહેર કરીએ કરીએ છીએ કે અમો યાને જમીનના માલીક સદરહુ જમીન ચોખ્ખા ટાઈટલ હોવાનુ જણાવી ઉપરોકત જમીન અને તેની સાથે જોડાયેલા સુખાધિકારના હકકો, પરત્વે કોઈ વ્યકતી, શખ્સ, સંસ્થા, પેઢી કંપની, એસોસીએશન, બેન્ક, નાણાકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ, બાનાખત, સાટાખત, મોબદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ મિલ્કત પરત્વેના ભરણ, પોષણનો હકક હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ ૦૭(સાત)** માં દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નિચે જણાવ્યા મુજબના સરનામે રજી.એડી પોસ્ટથી રજુ કરવા જો તે સમય દરમ્યાન આ જમીનના વેચાણ સામે વાંધાઓ નહી આવે તો ઉપરોકત સર્વે નંબર વાળી જમીનના ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેમ માની અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, અથવા સદરહુ વેચાણ બાબતે તેમની સંપૂર્ણ સહમતી છે તેવુ માનીને વેચાણ વ્યવહારની પ્રકિયા પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ ભવિષ્યે આ બાબતે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા તકરાર અમોને કે ખરીદનારાઓને લાગુ પડશે નહી. જે બાબતની આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ.

પત્ર વ્યવહારનું સરનામુ
સોહીલ મહેબુબભાઈ ખોખર (એડવોકેટ)
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
મુ. લાઠી, ઠે.મામલતદાર ઓફીસ સામે,
તા.લાઠી, જી.અમરેલી
મો.નં. ૭૬૯૮૧ ૯૨૧૯૧

**નોટીસ પ્રસિધ્ધ કરનાર**
**સહી**
**(ગોપાલભાઈ પરસોતમભાઈ પોકળ)**


શું તમને સાંભળવાની તકલીફ છે ?
- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય




અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર




ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બાજુમા અમરેલી - 365601

# અમરેલીમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની બેઠક યોજાઈ

અમરેલી,તા.૧૨

અમરેલી શહેરમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગદળ, હિન્દુ સમાજ તેમજ વિવિધ વેપારી આગેવાનોની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આગામી દિવસોમાં યોજાનારા જન્માષ્ટમી મહોત્સવ અંતર્ગત વિગતવાર યોજના તૈયાર કરવામાં આવી હતી. આ મહોત્સવના ભાગરૂપે ડો. પ્રવીણભાઈ તોગડિયા અમરેલી જિલ્લાના પ્રવાસે રહેશે. તેઓ જાફરાબાદ, રાજુલા અને મહુવા તાલુકાના પ્રવાસ દરમિયાન નવનિર્મિત હનુમાન ચાલીસા કેન્દ્રોનું નામાભિધાન કરશે. આ સાથે જ દેશભરમાં ૨૫ લાખ ઘરો સુધી પહોંચવાના લક્ષ્યાંક સાથે હિન્દુ ઘર સંપર્ક અભિયાન શરૂ કરવાની યોજના ઘડી કાઢવામાં આવી છે.આ બેઠકમાં ગુજરાત પ્રદેશ



કાર્યકારી અધ્યક્ષ એમ. ગજેરા, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ, ઉપાધ્યક્ષ મનસુખભાઈ રૈયાણી, પ્રાંત મંત્રી મજબૂતભાઈ બસીયા, ઈન્ડિયન હેલ્થ લાઈનના પ્રાંત અધ્યક્ષ ડો. દેશાણી તથા રાષ્ટ્રીય મજદૂર પરિષદના પ્રમુખ સુરેશભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિભાગ અધ્યક્ષ દડુભાઈ ખાચર, ડી. ભાઈ બામટા, કાર્યકારી અધ્યક્ષ જીગ્નેશભાઈ કયાડા, મહામંત્રી ઉદયસિંહ રાજપૂત, દલપબાપુ, નાનુભાઈ તળાવીયા, કિશોરભાઈ મહેતા, એમ. એમ. પટેલ, દિનેશભાઈ ભુવા અને આહિર સમાજ પ્રમુખ જીતુભાઈ ડેર સહિતના વિવિધ આગેવાનો હાજર રહ્યા હતા.

**ડો. પ્રવીણ તોગડિયાના પ્રવાસ અને જન્માષ્ટમી મહોત્સવ અંગે ચર્ચા**

# પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે બગસરા-સોમનાથ બસ સેવા શરૂ કરાઈ

બગસરા,તા.૧૨

બગસરા પેસેન્જર એસોસિએશનની રજૂઆતને પગલે ડેપો મેનેજર ગઢવી બેન દ્વારા શ્રાવણ માસ માટે બગસરા-સોમનાથ બસ સેવા શરૂ કરવામાં આવી છે. આ નિર્ણયથી ધર્મપ્રિયા જનતામાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. આ બસ દરરોજ સવારે ૬:૩૦ કલાકે બગસરાથી ઉપડી વાયા વિસાવદર અને મેંદરડા થઈને સોમનાથ પહોંચશે. ભાવિકો બપોરની આરતી તથા પ્રસાદનો લાભ લીધા બાદ આ જ બસમાં બપોરે ૩:૦૦ કલાકે સોમનાથથી



તસવીર : હાર્દિક બામટા

બગસરા પરત ફરી શકશે. પ્રથમ દિવસે બસ પ્લેટફોર્મ પર આવતા જ એસોસિએશનના હોદ્દેદારોએ ડ્રાઈવર, કંડક્ટર અને પ્રથમ દિવસના મુસાફરોને મોં મીઠા કરાવી 'જય સોમનાથ'ના નાદ સાથે બસને રવાના કરી હતી. એસોસિએશને આ સુવિધા બદલ ડેપો તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સા.કુંડલામાં વિશ્વ સિંહ દિવસ નિમિત્તે મહારેલી

સાવરકુંડલા,તા.૧૨



સાવરકુંડલા ખાતે વિશ્વ સિંહ દિવસ નિમિત્તે સિંહ સંરક્ષણ માટે ભવ્ય મહારેલી અને કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૩,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ, ખેડૂતો, સામાજિક-રાજકીય આગેવાનો, પર્યાવરણ પ્રેમીઓ તથા શિક્ષકો ઉત્સાહભેર જોડાયા હતા. કાર્યક્રમમાં સિંહ સંરક્ષણના શપથ લેવાયા હતા. ડી.વાય.એસ.પી. વિરલ ચંદનના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં તેમણે સિંહ વન્યજીવ સૃષ્ટિનું મહત્વનું અંગ હોવાનું જણાવી પર્યાવરણની સમતુલા જાળવવા વન્યજીવોના આવાસનું સન્માન કરવા અને તેમનાથી યોગ્ય અંતર રાખવા અપીલ કરી હતી.

# રાજુલામાં આરોગ્ય વિભાગ દ્વારા રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી

રાજુલા,તા.૧૨

રાજુલા તાલુકામાં આરોગ્ય વિભાગ દ્વારા રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારી એચ.જે. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ ૧ થી ૧૯ વર્ષના બાળકોને કૃમિજન્ય ચેપથી થતા આરોગ્ય સંબંધિત નુકસાનથી બચાવવા કૃમિનાશક ગોળીઓનું વિતરણ કરાયું હતું. આરોગ્ય, આઈસીડીએસ અને શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. નિલેશ



તસવીર : ગોપાલ રાઠોડ

કલસરીયા, ટીપીઈઓ એસ.કે. સુમરા સહિતના અધિકારીઓ દ્વારા મોનિટરિંગ કરવામાં આવ્યું હતું. આંગણવાડી તથા શાળાના બાળકો તેમજ શાળાએ ન જતા બાળકોને આરોગ્ય સ્ટાફ દ્વારા આલ્બેન્ડાઝોલની ગોળીઓ આપવામાં આવી હતી. કૃમિના કારણે લોહીની કમી, નબળાઈ, કુપોષણ, માનસિક વિકાસમાં અવરોધ અને અભ્યાસમાં એકાગ્રતાનો અભાવ જેવી સમસ્યાઓ થઈ શકે છે. બાકી રહેલા બાળકોને આગામી ૧૭ ઓગસ્ટે મોપઅપ રાઉન્ડ દરમિયાન આવરી લેવામાં આવશે.

# મહિલા અધ્યાપન મંદિર સા.કુંડલા દ્વારા સિંહ દિવસની રેલી યોજાઈ

સાવરકુંડલા,તા.૧૨

વન્ય પ્રાણી વિભાગ સાસણ ગીર વન વિભાગના ઉપક્રમે ૧૦ ઓગસ્ટ વિશ્વ સિંહ દિવસની ઉજવણી મહિલા અધ્યાપન મંદિર



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલામાં કરવામાં આવી હતી. ગીરનો સિંહ ભારતનું ગૌરવ છે તેથી વન્ય જીવ પ્રત્યે જાગૃતતા કેળવવા અને સિંહનું રક્ષણ કરવા વિદ્યાર્થીઓ કટિબધ્ધ થયા હતાં. આ પ્રસંગે મહોરાઓનું વિતરણ કરી ૧૦૦ થી વધુ તાલિમાર્થીઓએ ઉત્સાહથી રેલી કાઢી સિંહ અને પર્યાવરણ સંવર્ધન માટે સંકલ્પ લીધા આચાર્યએ તાલિમાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# સાવરકુંડલાના જાબાળ ગામે માલઢોર દૂર રાખવાનું કહેતાં કુહાડીનો ઘા ઝીંક્યો

**પશુપાલકે અન્ય પશુપાલક સામે ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલાના જાબાળ ગામે લુવારા તરફના ડેમ પાસે માલઢોર દૂર રાખવાનું કહેતાં કુહાડીનો ઘા ઝીંક્યો હતો. આ અંગે પશુપાલકે અન્ય પશુપાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જાબાળ ગામના નગાભાઈ લખમણભાઈ ચાવડા (ઉ.વ.૬૫)એ તેમના જ ગામના ભાવેશભાઈ રૈયાભાઈ રાનાણી સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ જાબાળ અને લુવારા વચ્ચે આવેલા ડેમ પાસે ગોચરમાં ગાયો ચરાવવા માટે ગયા હતા. તે દરમિયાન આરોપી પણ પોતાના માલઢોર ચરાવતા હતા. બંનેના માલઢોર ભેગા થઈને લડાઈ ન કરે તે માટે તેમણે આરોપીને માલઢોર દૂર રાખવા કહ્યું હતું. જેથી આરોપીને સારું નહીં લાગતાં તેમની સાથે બોલાચાલી કરી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ ઉશ્કેરાઈ જઈ આરોપીએ પોતાની પાસે રહેલી કુહાડીની મુંધરાટી વડે ઊંધો ઘા માથાના ભાગે માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એ. શિલાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# કોટડાપીઠા ગામે ઘર પાસે ઊભા રહેવા બાબતે ઠપકો આપતાં છરી ઉગામી

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

બાબરા, તા.૧૨

બાબરાના કોટડાપીઠા ગામે ઘર પાસે ઊભા રહેવા બાબતે ઠપકો આપતાં છરી ઉગામી હતી, તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

બનાવ અંગે બિપીનભાઈ રામદાસભાઈ ચૌહાણ (ઉં.વ.૪૩)એ સંજય કેશુભાઈ માથાસુળિયા, વિપુલ કેશુભાઈ માથાસુળિયા, ભૂપતભાઈ કેશુભાઈ માથાસુળિયા તથા કેશુભાઈ રવજીભાઈ માથાસુળિયા સામે ફરિયાદ નોંધાવી હતી.જે મુજબ આરોપીઓ બિનજરૂરી તેમના ઘર પાસે ઊભા રહેતા હતા. જે બાબતે તેમણે ઠપકો આપતાં આરોપીઓને સારું નહોતું લાગ્યું. જેનું મનદુઃખ રાખીને તેમણે ઘર પર પથ્થરના છૂટા ઘા કર્યા હતા, તેમજ લાકડીથી તેમને તથા સાક્ષીઓને શરીરે મૂંઢ ઈજાઓ પહોંચાડી હતી. ઉપરાંત છરીથી વિજયભાઈ રામદાસભાઈને આંગળીએ ઈજા કરી હતી. આરોપીઓએ તેમને તથા સાક્ષીઓને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જે બાદ સંજયભાઈ કેશુભાઈ માથાસુળિયા (ઉં.વ.૨૫)એ બિપીનભાઈ પનાભાઈ દેવીપૂજક, વિજયભાઈ પનાભાઈ દેવીપૂજક, રાહુલભાઈ બિપીનભાઈ દેવીપૂજક તથા રોહિતભાઈ બિપીનભાઈ દેવીપૂજક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના ઘરેથી ગામમાં જવાનો રસ્તો આરોપીઓના ઘર પાસેથી હતો.

આ રસ્તે તેઓ ચાલે તે આરોપીઓને ગમતું નહોતું, જેથી બિપીનભાઈ દેવીપૂજકે આ રસ્તે ચાલવાની ના પાડી હતી.તેઓ બળદ લઈને આરોપીના ઘર પાસેથી નીકળતાં સારું નહોતું લાગ્યું અને ગાળો આપી હતી. તેમજ જીવલેણ હથિયાર ધારણ કરી પોતાની પાસે રહેલા ધારિયાનો એક ઘા માથાના ભાગે મારી ઈજા કરી હતી. તેમને તથા સાક્ષી કેશુભાઈને આડેધડ માર મારી શરીરે મૂંઢ ઈજા કરી હતી. ઉપરાંત પથ્થરના ઘા કરી ફરિયાદીને પથ્થર મારી મૂંઢ ઈજા પહોંચાડીને ચારેય આરોપીઓએ તેમને તથા સાક્ષીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.એમ.ગમારા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ એકમ
તા.૧૩-૦૮-૨૦૨૬, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૪૮,
સૂર્યાસ્ત-૦૭:૦૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ આશ્લેષા

## દૈનિક રાશિફળ

તા.૧૩-૦૮-૨૦૨૬ ગુરૂવાર

મેષઃ આજે સંપત્તિનો વિસ્તાર થશે અને જીવનધોરણમાં સુધારો થશે. નોકરી અને ધંધામાં સહયોગીઓની ભાગીદારી અને સહયોગ પૂરતા પ્રમાણમાં મળશે.

વૃષભઃ આજે દિવસના પહેલા ભાગમાં તમારી મહેનત મુજબ ફળ નહીં મળવાના કારણે તમને માનસિક પીડા થઈ શકે છે.

મિથુનઃ દિવસ વ્યસ્ત રહેવાના કારણે ઇચ્છા અધૂરી રહી શકે છે. બપોર પછી જોખમી કાર્યો ટાળવાનો પ્રયાસ કરો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

કર્કઃ આજે તમે કાર્યોની વિપુલતાને કારણે મૂંઝવણમાં આવી શકો છો. મહેનતનું યોગ્ય પરિણામ તમને મળશે નહીં બપોર સુધી કામમાં વિક્ષેપોના કારણે નિરાશ થશો,

સિંહઃ દિવસના પહેલા ભાગમાં સ્થિતિઓ પ્રતિકૂળ રહેશે. નિર્ધારિત કાર્યમાં વિલંબના કારણે દોડવું પડી શકે છે. પૈસા સંબંધિત કામને લઈને કોઈની સાથે વિવાદ થઈ શકે છે.

કન્યાઃ આજે રોજગાર ક્ષેત્રે થઈ રહેલા પ્રયત્નોને કારણે આર્થિક સમસ્યાઓ હલ થશે. જાહેર ક્ષેત્ર તરફથી કોઈ સારા સમાચાર મળવાની સંભાવના છે.

તુલાઃ આજે મોટાભાગના સમયમાં તમારી ચંચળતા વધારે રહેશે. મહત્વપૂર્ણ કાર્યોમાં બેદરકારી બતાવશો અથવા શક્તિનો અભાવ પણ કાર્ય ખોટમાં પરિણમી શકે છે.

વૃશ્ચિકઃ ક્ષેત્રમાં અતિરિક્ત જવાબદારી અને ધાર્મિક કાર્યમાં વ્યસ્તતા વધશે. સંપત્તિમાં વધારો અને સંપત્તિથી આવક વધશે. બપોરે ધાર્મિક કાર્યમાં વધુ રસ રહેશે.

ધનઃ આજે દિવસનો પહેલો ભાગ તમારી આશાઓની વિરુદ્ધ રહેશે. કોઈ મહત્વપૂર્ણ કાર્ય માટે કોઈની પાસેથી લોન લેવાની સંભાવના પણ હોઈ શકે છે.

મકરઃ આળસને કારણે સરકારી કાર્યો અધૂરા રહી શકે છે. નવી યોજનાઓ લેતા પહેલા નુકસાન-નફાની સમીક્ષા કરો.

કુંભઃ આજના દિવસે મેદાનમાં વ્યસ્તતા વધુ રહેશે. ઘરમાં માંગલિક કાર્યોનું આયોજન કરવાથી મનમાં આનંદ અને વ્યસ્તતા રહેશે.

મીનઃ આજે તમે બેપરવાઈ રહેવાના કારણે નુકસાન સહન કરી શકો છો. સવારથી જ મુસાફરીની પર્યટનનું આયોજન કરવામાં આવશે.

# મિશન ગ્રીન ખાખરીયા અંતર્ગત ૯૨૦ ફળાઉ વૃક્ષોનું નિઃશુલ્ક વિતરણ

બાબરા,તા.૧૨

બાબરા તાલુકાના ખાખરીયા ગામે "મિશન ગ્રીન ખાખરીયા" અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના હેતુથી ૯૨૦ ફળાઉ વૃક્ષોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. દાતાશ્રી ભુપતભાઈ કુરજીભાઈ વાવડીયાના રૂ. ૭૦ હજારના યોગદાનથી યોજાયેલા આ અભિયાનમાં



ખેડૂતો અને ગ્રામજનોને આંબા, ચીકુ, દાડમ, જામફળ તથા સીતાફળના રોપાઓ આપવામાં આવ્યા હતા. ગામના ખેતરો, ઘરો અને આસપાસના વિસ્તારોમાં વધુમાં વધુ વૃક્ષો વાવી હરિયાળું વાતાવરણ સર્જવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. યુવા ટીમ દ્વારા પણ આ સેવાકીય કામગીરીમાં સહયોગ આપવામાં આવ્યો હતો. વૃક્ષારોપણ સાથે તેના જતન અને સંવર્ધન માટે ગ્રામજનોને અપીલ કરવામાં આવી હતી. આ પહેલને ગ્રામજનોએ આવકારી હતી.

# સાવરકુંડલાના અમૃતવેલથી કેરાળા ગામ જવાના રસ્તે અકસ્માત સર્જાયો

સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલાના અમૃતવેલથી કેરાળા ગામ જવાના રસ્તે અકસ્માત સર્જાયો હતો. પારૂલબેન રાજેશકુમાર મહેતા (ઉં.વ.૫૬)એ મૂળ મધ્ય પ્રદેશના અને હાલ અમૃતવેલ ગામે રહેતા માંગીલાલ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાની ફોર વ્હીલ ચલાવી કેરાળા ગામે પોતાની ફરજ પર જતા હતા, તે વખતે અમૃતવેલ ગામથી કેરાળા ગામ જવાના રસ્તે રોડ પર સનેડા વાહનના ચાલક માંગીલાલે ટ્રોલી સાથે બેફિકરાઈથી અને ગફલતભરી રીતે, માનવ જિંદગી જોખમાય તે રીતે વાહન ચલાવી તેમની ફોર વ્હીલ ગાડી સાથે અથડાવી અકસ્માત સર્જ્યો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ રમેશભાઈ ભાનુભાઈ મારુ વધુ તપાસ કરી રહ્યા છે.

# મોટા કણકોટની પ્રાથમિક શાળા દ્વારા 'સિંહ બચાવો'ના નારા સાથે સિંહ દિવસ ઉજવાયો

લીલીયા,તા.૧૨

લીલીયા તાલુકાના મોટા કણકોટ ગામની પ્રાથમિક શાળા દ્વારા સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત શાળાના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ તેમજ આચાર્ય અને શિક્ષક ગણે સાથે મળીને મોટા કણકોટ ગામના મુખ્ય બજારમાં એક રેલીનું આયોજન કર્યું હતું. આ રેલી



તસવીર : બકુલ દવે

દરમિયાન ઉપસ્થિત સૌએ 'સિંહ બચાવો-સિંહ બચાવા' ના સૂત્રોચ્ચાર કર્યા હતા અને સિંહોનું જતન કરવા માટેનો સંદેશ આપ્યો હતો. ત્યારબાદ શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને સિંહ વિશે ઉપયોગી સમજણ આપવામાં આવી હતી.

# વડીયાના દડવા રાંદલ ગામેથી સગીરાનું લગ્નની લાલચે બદકામના ઈરાદે અપહરણ

**જેતપુરના ખારસીયા ગામના યુવક સામે ફરિયાદ**

વડીયા, તા.૧૨

વડીયાના દડવા રાંદલ ગામેથી સગીરાનું રાજકોટના જેતપુર તાલુકાનો યુવક લગ્નની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે અપહરણ કરીને લઈ ગયો હતો. બનાવ અંગે સગીરાના પિતાએ મૂળ જેતપુરના ખારસીયા ગામના અને હાલ રાજકોટ રહેતા રોહીત ઉર્ફે અજયભાઈ બાબુભાઈ ડાભી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી તેમની સગીર વયની દીકરીને લલચાવી ફોસલાવી, લગ્ન કરવાના તથા બદકામ કરવાના ઈરાદે તેમના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ ગયો હતો. આ અંગે વડિયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી આઈ પી.ડી. ગોહિલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# લાઠીના નાના રાજકોટ ગામેથી PVC પાઈપ અને પાણીની મોટરની ચોરી

લાઠી, તા. ૧૨

લાઠીના નાના રાજકોટ ગામેથી PVC પાઈપ અને પાણીની મોટરની ચોરી થઈ હતી. આ અંગે સંજયભાઈ મેહુલભાઈ સોરઠીયા (ઉ.વ. ૪૨)એ અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની દુકાન ઉપર રાખેલા પીવીસી પાઈપ તથા દુકાનની બાજુમાં રાખેલી પાણી ખેંચવાની મોટરની ચોરી થઈ હતી. બંને મુદ્દામાલની કિંમત રૂ. ૩,૨૦૦ જાહેર થઈ હતી.

તંત્રી લેખ

# પરીક્ષાનો ભાર નહીં, જીવનનો આધાર જોઈએ

વિદ્યાર્થી જીવનને સામાન્ય રીતે સપનાઓ, સંભાવનાઓ અને ઉજ્જવળ ભવિષ્ય સાથે જોડવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોના આંકડા વિદ્યાર્થીઓ પર વધી રહેલા માનસિક દબાણની ગંભીર સ્થિતિ દર્શાવે છે. અભ્યાસ, પરીક્ષા, સ્પર્ધા અને પરિવારની અપેક્ષાઓ વચ્ચે કેટલાક વિદ્યાર્થીઓ ભારે તણાવનો સામનો કરી રહ્યા છે. પરીક્ષામાં નિષ્ફળતા, ઓછા ગુણ, ભવિષ્યની ચિંતા અને અન્ય વિદ્યાર્થીઓ સાથેની સરખામણી તેમના આત્મવિશ્વાસને અસર કરી શકે છે. ઉપલબ્ધ NCRB આધારિત માહિતી મુજબ ૨૦૧૪થી ૨૦૨૪ દરમિયાન દેશમાં ૧.૨૩ લાખથી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હોવાનો ઉલ્લેખ કરવામાં આવે છે. છેલ્લા દાયકામાં વિદ્યાર્થીઓની આત્મહત્યાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો હોવાનું પણ અહેવાલોમાં જણાવાયું છે. આ આંકડા માત્ર સંખ્યા નથી, પરંતુ તેની પાછળ અનેક પરિવારોનું દુઃખ અને અધૂરાં સપનાં છુપાયેલા છે. જોકે આત્મહત્યાના કારણોને માત્ર પરીક્ષાની નિષ્ફળતા સાથે જોડવા યોગ્ય નથી. પરિવારનું દબાણ, સામાજિક અપેક્ષાઓ, આર્થિક પરિસ્થિતિ, સંબંધો, ભવિષ્યની ચિંતા અને માનસિક તણાવ જેવા અનેક પરિબળો જવાબદાર હોઈ શકે છે. પરીક્ષાને જીવનનું અંતિમ પરિણામ માનવાની માનસિકતા બદલવી જરૂરી છે. એક પરીક્ષાના ગુણ વ્યક્તિની બુધ્ધિ, સર્જનાત્મકતા, મહેનત કે સંપૂર્ણ ક્ષમતાનું માપદંડ બની શકતા નથી. કોઈ વિદ્યાર્થી એક વિષયમાં નબળો હોય તો તે રમતગમત, કલા, સંગીત, ટેકનોલોજી, વ્યવસાય કે અન્ય ક્ષેત્રમાં ઉત્તમ બની શકે છે. તેથી માર્કશીટને બાળકના સમગ્ર વ્યક્તિત્વનું પ્રમાણપત્ર માનવું યોગ્ય નથી. આ પરિસ્થિતિમાં માતા-પિતા અને શિક્ષકોની ભૂમિકા ખૂબ મહત્વની બની જાય છે. બાળકને માત્ર "કેટલા માર્ક આવ્યા?" તે પૂછવાને બદલે "તને કેવું લાગે છે?" તે પણ પૂછવું જોઈએ. ઓછા ગુણ આવે ત્યારે ઠપકો, અપમાન કે સરખામણી કરવાને બદલે બાળક સાથે શાંતિથી વાત કરવી જોઈએ. અચાનક એકલું રહેવું, સતત ચિંતા કરવી, અભ્યાસમાં રસ ગુમાવવો અથવા વારંવાર નિરાશાની વાત કરવી જેવા વર્તનમાં ફેરફાર જણાય તો તેને ગંભીરતાથી લેવો જોઈએ. NEET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લે છે. પરીક્ષા પ્રક્રિયા અંગેની અનિશ્ચિતતા, પરિણામમાં વિલંબ અથવા અન્ય વિવાદો વિદ્યાર્થીઓની ચિંતા વધારી શકે છે. તેથી પરીક્ષા વ્યવસ્થામાં પારદર્શિતા અને વિશ્વાસ જાળવવો જરૂરી છે. શાળા-કોલેજોમાં નિયમિત કાઉન્સેલિંગ, પરીક્ષા પહેલાં તણાવ ઘટાડવા માટે માર્ગદર્શન અને માનસિક સ્વાસ્થ્ય અંગે ચર્ચા થવી જોઈએ. વિદ્યાર્થીઓને એ સમજાવવું જરૂરી છે કે નિષ્ફળતા જીવનનો અંત નથી. એક તક ચૂકી જાય તો બીજી તક મળી શકે છે અને જરૂર પડે તો જીવનનો માર્ગ બદલી શકાય છે. આપણે બાળકોને માત્ર સફળ થવાનું નહીં, પરંતુ નિષ્ફળતા સ્વીકારીને ફરી ઊભા થવાનું પણ શીખવવું પડશે. પરીક્ષા જીવનનો એક ભાગ છે, આખું જીવન નથી. ગુણની દોડ સાથે માનવીય સંવેદના, સંવાદ અને માનસિક સ્વાસ્થ્યને પણ શિક્ષણમાં મહત્વ આપવું આજની સૌથી મોટી જરૂરિયાત છે.


# ડિજિટલ એરેસ્ટની માયાજાળ તોડવામાં આવશે

પ્રાસંગિક
સુરેશ દેસાઈ



આજના ડિજિટલ યુગમાં ટેકનોલોજીએ જીવનને સરળ અને ઝડપી બનાવ્યું છે, પરંતુ તેની સાથે સાયબર ગુનાના નવા સ્વરૂપો પણ સામે આવી રહ્યા છે. તેમાં 'ડિજિટલ એરેસ્ટ' સૌથી ગંભીર અને ચિંતાજનક પ્રકારની છેતરપિંડી બની રહી છે. ડિજિટલ એરેસ્ટમાં ઠગો પોલીસ, સીબીઆઈ, ઈડી, કસ્ટમ્સ, નાર્કોટિક્સ વિભાગ અથવા અન્ય સરકારી એજન્સીના અધિકારી બનીને લોકોને ડરાવે છે અને તેમની પાસેથી લાખો રૂપિયા પડાવે છે. આ ગુનામાં માત્ર નાણાકીય નુકસાન જ નહીં, પરંતુ વ્યક્તિને માનસિક રીતે કાબૂમાં લેવાનો પ્રયાસ પણ થાય છે. ડિજિટલ એરેસ્ટ વાસ્તવમાં કોઈ કાયદેસરની ધરપકડ નથી. ઠગો વીડિયો કોલ કરીને પોલીસ સ્ટેશન જેવું બેકગ્રાઉન્ડ, પોલીસનો યુનિફોર્મ, નકલી ઓળખકાર્ડ, બનાવટી વોરંટ અને ખોટા સરકારી દસ્તાવેજો બતાવે છે. ત્યારબાદ વ્યક્તિને કહેવામાં આવે છે કે તેના નામે મની લોન્ડરિંગ, ડ્રગ્સની હેરાફેરી અથવા કોઈ ગંભીર ગુનામાં પાર્સલ પકડાયું છે. કેટલીક વખત વ્યક્તિના આધારકાર્ડ, બેંક ખાતા અથવા મોબાઈલ નંબરનો ગુનામાં ઉપયોગ થયો હોવાનું કહીને તેને ધમકાવવામાં આવે છે. ઠગો ત્યારબાદ 'ડિજિટલ એરેસ્ટ'ના નામે વ્યક્તિને વીડિયો કોલ ચાલુ રાખવા, ઘરની બહાર નહીં નીકળવા અને પરિવાર કે મિત્રો સાથે વાત નહીં કરવા કહે છે. પોલીસ અધિકારી તરીકેનો નકલી દબદબો ઉભો કરીને વ્યક્તિને સતત ભયમાં રાખવામાં આવે છે. કેટલાક કિસ્સામાં 'વેરિફિકેશન'ના નામે બેંક ખાતામાંથી મોટી રકમ ચોક્કસ ખાતામાં ટ્રાન્સફર કરાવવામાં આવે છે. ભોગ બનનાર વ્યક્તિ એટલા તણાવમાં આવી જાય છે કે તે ઠગોની વાતને સાચી માની લે છે. ડિજિટલ એરેસ્ટના બનાવોમાં ટેકનોલોજીનો દુરુપયોગ પણ મોટા પ્રમાણમાં થાય છે. નકલી વીડિયો, બનાવટી દસ્તાવેજો, એડિટ કરેલા ફોટા અને કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત ડીપફેકનો ઉપયોગ કરીને ઠગો સરકારી અધિકારીઓ અથવા જાણીતી વ્યક્તિઓનો ચહેરો અને અવાજ પણ નકલી રીતે રજૂ કરી શકે છે. આ કારણે સામાન્ય નાગરિક માટે સાચું અને ખોટું ઓળખવું વધુ મુશ્કેલ બની રહ્યું છે. આ ગુનાનો સૌથી ચિંતાજનક પાસું એ છે કે ઠગો માત્ર પૈસા પડાવતા નથી, પરંતુ વ્યક્તિની માનસિક સ્થિતિને પોતાના નિયંત્રણમાં લે છે. શરૂઆતમાં એક ફોન કોલથી શરૂ થયેલી વાતચીત થોડા કલાકો સુધી ચાલી શકે છે. સતત ધમકી, નકલી પુરાવા અને કાયદાકીય કાર્યવાહીનો ભય ઊભો કરીને ભોગ બનનારને એક પ્રકારના માનસિક બંધનમાં રાખવામાં આવે છે. આવી સ્થિતિમાં વ્યક્તિ યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા ગુમાવી શકે છે. ડિજિટલ એરેસ્ટ સામે કડક કાયદાની જરૂરિયાત એટલા માટે પણ ઊભી થઈ છે કે આવા ગુનાઓ ઘણી વખત સંગઠિત નેટવર્ક દ્વારા કરવામાં આવે છે. એક વ્યક્તિ ફોન કરે છે, બીજી વ્યક્તિ નકલી દસ્તાવેજ તૈયાર કરે છે, કોઈ વ્યક્તિ બેંક ખાતું અથવા સિમકાર્ડ ઉપલબ્ધ કરાવે છે અને અન્ય લોકો નાણાંને અલગ-અલગ ખાતામાં ફેરવે છે. કેટલાક નેટવર્ક વિદેશમાં બેસીને પણ આવા સાયબર ગુનાઓ ચલાવતા હોવાના કિસ્સાઓ સામે આવ્યા છે.હાલમાં આવા ગુનાઓ સામે કાર્યવાહી કરવા માટે છેતરપિંડી, છેતરપિંડીથી ઓળખનો ઉપયોગ, ધમકી, નકલી દસ્તાવેજો અને સાયબર ગુનાને લગતી વિવિધ કાયદાકીય જોગવાઈઓનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ ડિજિટલ એરેસ્ટ જેવી છેતરપિંડીનું સ્વરૂપ અલગ હોવાથી તેને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરવાની જરૂરિયાત અનુભવી શકાય છે. અલગ કાયદો બનવાથી ગુનાની વ્યાખ્યા, તપાસ, સજા અને નાણાકીય નુકસાનની વસૂલાત અંગે વધુ સ્પષ્ટતા આવી શકે છે. ડિજિટલ એરેસ્ટ સાથે ડીપફેકનો મુદ્દો જોડવો પણ મહત્વપૂર્ણ છે. કૃત્રિમ બુદ્ધિમત્તાના વિકાસથી કોઈ વ્યક્તિનો ચહેરો અને અવાજ નકલી રીતે બનાવી શકાય છે. જો આ ટેકનોલોજીનો ઉપયોગ સરકારી અધિકારી તરીકે ઓળખાવવા અથવા લોકોને ડરાવવા માટે થાય તો તેની સામે કડક કાર્યવાહી જરૂરી છે. ટેકનોલોજીનો ઉપયોગ ગુનામાં થાય ત્યારે કાયદો પણ ટેકનોલોજીની ગતિ સાથે બદલાવવો જરૂરી છે.પરંતુ માત્ર કાયદો બનાવવાથી આ સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ આવશે નહીં. કાયદો ગુનો થયા પછી કાર્યવાહી કરે છે, જ્યારે જાગૃતિ ગુનો બનતા પહેલાં વ્યક્તિને બચાવી શકે છે. નાગરિકોએ સૌથી પહેલા એ સમજવું જોઈએ કે ભારતમાં કોઈ પણ કાયદા અમલીકરણ એજન્સી વીડિયો કોલ દ્વારા કાયદેસર 'ડિજિટલ એરેસ્ટ' કરતી નથી. કોઈ અધિકારી ફોન પર પૈસા ટ્રાન્સફર કરવાનું કહે, તો તેને કાયદેસરની કાર્યવાહી માનવી નહીં. આવો ફોન આવે ત્યારે ગભરાવું નહીં અને ઠગ સાથે લાંબી વાતચીત કરવાને બદલે કોલ કાપી નાખવો જોઈએ. કોઈ અજાણી વ્યક્તિને બેંક વિગતો, પાસવર્ડ, ઓટીપી, પિન અથવા અન્ય સંવેદનશીલ માહિતી આપવી નહીં. અજાણી લિંક પર ક્લિક કરવી નહીં અને કોઈના કહેવાથી રિમોટ એક્સેસ અથવા શંકાસ્પદ એપ્લિકેશન ડાઉનલોડ કરવી નહીં. ઠગો નકલી નોટિસ કે પોલીસ અધિકારીના નામનો ઉપયોગ કરે તો પણ તેની સત્યતા સત્તાવાર માધ્યમથી તપાસવી જરૂરી છે. જો કોઈ વ્યક્તિ ડિજિટલ છેતરપિંડીનો ભોગ બને અથવા તેના ખાતામાંથી પૈસા ટ્રાન્સફર થઈ જાય તો શક્ય તેટલી વહેલી તકે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરવો જોઈએ. સાયબર ક્રાઈમ સંબંધિત ફરિયાદ માટે સત્તાવાર સાયબર ક્રાઈમ પોર્ટલનો પણ ઉપયોગ કરી શકાય છે. ફોન નંબર, વોટ્સએપ ચેટ, વીડિયો કોલની વિગતો, નકલી દસ્તાવેજો, બેંક ટ્રાન્ઝેક્શનની વિગતો અને અન્ય પુરાવા સાચવી રાખવા જોઈએ. આવા પુરાવા તપાસમાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. પરિવારમાં વડીલો અને યુવાનોને પણ આ પ્રકારની છેતરપિંડી અંગે માહિતગાર કરવું જરૂરી છે. ખાસ કરીને જે લોકો ટેકનોલોજીનો ઓછો ઉપયોગ કરે છે તેઓ ઠગોની વાતથી ઝડપથી ગભરાઈ શકે છે. તેથી પરિવારના સભ્યોએ એકબીજા સાથે ખુલ્લી ચર્ચા કરવી જોઈએ અને શંકાસ્પદ ફોન આવે ત્યારે તરત વિશ્વાસુ વ્યક્તિને જાણ કરવાની ટેવ વિકસાવવી જોઈએ. બેંકો અને ટેલિકોમ કંપનીઓની ભૂમિકા પણ મહત્વપૂર્ણ છે. શંકાસ્પદ નાણાકીય વ્યવહારોની ઓળખ, ઝડપથી રકમ રોકવાની વ્યવસ્થા, શંકાસ્પદ મોબાઈલ નંબર સામે કાર્યવાહી અને સાયબર ગુનાની માહિતીનું ઝડપી આદાનપ્રદાન કરવામાં આવે તો નુકસાન ઓછું કરી શકાય છે. પોલીસ અને તપાસ એજન્સીઓ વચ્ચે પણ વધુ સારી સંકલન વ્યવસ્થા જરૂરી છે. ડિજિટલ એરેસ્ટનો મુદ્દો માત્ર સાયબર ક્રાઈમ પૂરતો સીમિત નથી. તે લોકોના ડિજિટલ વિશ્વાસ સાથે જોડાયેલો મુદ્દો છે. જો નાગરિકોને દરેક સરકારી ફોનથી ભય લાગવા લાગે તો ડિજિટલ વ્યવસ્થામાં વિશ્વાસ નબળો પડી શકે છે. તેથી સરકાર દ્વારા સ્પષ્ટ કાયદાકીય માળખું, તપાસ એજન્સીઓ દ્વારા ઝડપી કાર્યવાહી, બેંકો અને ટેલિકોમ ક્ષેત્ર દ્વારા તકેદારી તથા નાગરિકોમાં વ્યાપક જાગૃતિ આ ચારેય બાબતો સાથે મળીને જ આ નવા પ્રકારના સાયબર ગુનાને અસરકારક રીતે રોકી શકાશે. ટેકનોલોજી પોતે ખતરો નથી, પરંતુ તેનો દુરુપયોગ ખતરનાક બની શકે છે. ડિજિટલ એરેસ્ટના નામે કોઈ પણ વ્યક્તિને ડરાવીને તેની મહેનતની કમાણી પડાવી લેવી ગંભીર ગુનો છે. તેથી કાયદો કડક બને તે જરૂરી છે, પરંતુ તેનાથી પણ પહેલાં દરેક નાગરિકે એક વાત યાદ રાખવી જોઈએ કોઈ ફોન કોલ, વીડિયો કોલ, નકલી વોરંટ કે અધિકારીની ધમકીથી ડરીને પૈસા ટ્રાન્સફર ન કરવા. સતર્કતા જ ડિજિટલ છેતરપિંડી સામેનું સૌથી મોટું રક્ષણ છે.

## શબ્દ સંજોગ-૨૨૪૭



**આડી ચાવી :**
(૧) એક જાતનો દારૂ (૩)
(૩) નવો અવતાર લેવો તે (૫)
(૬) ભારે શ્વાસનું ડચકું (૩)
(૭) નેપુર,ઝાંઝર (૩)
(૧૦) ત્રણ રતી જેટલું તોલ (૨)
(૧૧) માર્ગ,ઉપાય (૨)
(૧૨) તીખું .... (૫)
(૧૩) હોડી,મછવો (૨)
(૧૪) હાય,હસ્ત (અ) (૨)
(૧૬) આડખીલી,નડતર (૩)
(૧૮) પ્રાર્થના અંગ્રેજીમાં (૧)
(૧૯) અખતરો (૩)
(૨૦) ચણિયારામાં ફરતો કમાડનો ખીલો (૨)
(૨૨) અમૃત,ચૂનો (૩)
(૨૩) બોજો ઉપાડનારો,મજુર (૩)
(૨૫) પર્વત,ઝાડ (૨)
(૨૭) ચામડીનો રોગ (૩)
(૨૮) ગિરનારનો ગિરિપ્રદેશ (૨)
(૨૯) પરમેશ્વર (૨)

**ઉભી ચાવી :**
(૧) તેજનો પર્વત (૪)
(૨) કોરનાની ... માં માનવીએજ સાવધાની રાખવી જરૂરી છે. (૩)
(૪) નાથ,સ્વામી (૨)
(૫) માગવા જતાં જાચક રોજ સંભળાવે છે તે ઉકિત (૩)
(૮) પાણીનો ધક્કો ઝીલે તેવું બાંધકામ કે ચણતર (૨)
(૯) એ સ્વર લખવાનું ચિહ્ન (૩)
(૧૦) વાટવાનો ગોળ પથરો (૪)
(૧૨) કિનારો,કાંઠો (૨)
(૧૩) એક તિથિ... ચોથ (૨)
(૧૫) ગાંડું (૩)
(૧૬) ભારતનું એક શહેર (૪)
(૧૭) સરોવર (૨)
(૧૯) વજીર,કારભારી (૩)
(૨૧) સુંદર સ્ત્રી (૨)
(૨૩) પવન,વાયુ (૨)
(૨૪) લગણ,સુધી (૨)
(૨૬) ફળની કે ઝાડના થડની અંદરનો ગર્ભ (૨)

## શબ્દ સંજોગ-૨૨૪૬ જવાબ

**આડી ચાવી:** (૧) શારદા (૩) નેક (૫) ફૂઆ (૭) મત્સ્ય (૮) નટ (૯) નીતિ (૧૧) શક (૧૨) ભાવિ (૧૩) લોચન (૧૫) વોટ (૧૭) મોદ (૧૮) દલ (૨૦) બોનસ (૨૨) કલા (૨૩) લાત (૨૫) વાટ (૨૬) ખંજર (૨૮) બિરયાની (૩૧) દંડ (૩૨) યોજક (૩૩) પોત (૩૪) રાબ. **ઉભી ચાવી:** (૧) શાલિની (૨) દામ (૪) કનકવો (૬) આત્મવિશ્વાસ (૧૦) તિલોદક (૧૪) નદ (૧૬) ટબો (૧૯) લલાટ (૨૧) નરાજ (૨૪) તાંબિયો (૨૫) વાની (૨૬) ખંડ (૨૭) રકીબ (૨૯) રજ (૩૦) યાક (૩૧) દંત.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૦૦ | ૧૯૫૯ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૫૦૫ | ૬૦૯ |
| જુવાર સફેદ | ૧૧૧૦ | ૧૧૭૦ |
| જુવાર લાલ | ૧૦૬૦ | ૧૨૦૫ |
| બાજરી | ૩૫૪ | ૪૫૮ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૭૬ |
| ચણા પીળા | ૧૦૧૫ | ૧૨૪૦ |
| ચણા સફેદ | ૧૨૨૦ | ૧૮૧૧ |
| અડદ | ૧૩૨૫ | ૧૮૬૦ |
| મગ | ૧૧૩૦ | ૧૬૩૧ |
| વાલ દેશી | ૭૩૦ | ૧૨૯૦ |
| ચોળી | ૧૦૪૫ | ૧૫૦૦ |
| વટાણા | ૬૧૦ | ૮૪૦ |
| કળથી | ૫૦૪ | ૬૫૦ |
| રાજમા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| સીંગદાણા | ૧૬૭૫ | ૨૧૦૦ |
| મગફળી જાડી | ૧૩૦૦ | ૧૬૧૦ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૫૫૩ |
| તલી | ૨૦૦૦ | ૨૫૦૫ |
| એરંડા | ૧૩૮૦ | ૧૪૩૨ |
| અજમો | ૧૭૫૧ | ૨૮૫૦ |
| સોયાબીન | ૧૨૪૮ | ૧૩૪૭ |
| સીંગફાડા | ૧૩૯૦ | ૧૮૧૦ |
| કાળા તલ | ૨૨૫૦ | ૩૬૭૫ |
| લસણ | ૧૦૮૧ | ૨૩૨૫ |
| ધાણા | ૨૭૭૦ | ૩૦૦૦ |
| ધાણી | ૨૮૮૦ | ૩૦૬૦ |
| વરીયાળી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| જીરૂ | ૩૫૬૦ | ૩૯૬૧ |
| રાય | ૧૩૦૦ | ૧૮૬૫ |
| મેથી | ૯૨૦ | ૧૫૪૯ |
| અશેરીયો | ૧૧૦૦ | ૧૨૫૦ |
| કલોંજી | ૩૩૨૫ | ૩૫૯૮ |
| રાયડો | ૧૨૦૦ | ૧૫૧૩ |
| રજકાનું બી | ૭૫૦૦ | ૧૦૬૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| બટેટા | ૮૨ | ૨૮૭ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૪૩૫ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૩૧ | ૧૯૬૧ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૭૪ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૨૮ |
| મગફળી જીણી | ૧૧૫૧ | ૧૪૨૧ |
| સિંગદાણા જાડા | ૧૧૫૦ | ૨૦૫૧ |
| સિંગ ફાડીયા | ૧૦૫૧ | ૧૯૫૧ |
| એરંડા / એરંડી | ૧૩૯૧ | ૧૪૧૬ |
| જીરૂ | ૨૬૫૧ | ૩૯૬૧ |
| ક્લંજી | ૨૭૦૧ | ૩૫૪૧ |
| વરીયાળી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ધાણા | ૨૫૦૧ | ૩૨૩૧ |
| ડુંગળી લાલ | ૧૦૬ | ૫૩૧ |
| અડદ | ૧૨૦૦ | ૧૭૫૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૫૧ |
| રાય | ૧૪૦૦ | ૧૭૧૧ |
| મેથી | ૪૨૬ | ૧૩૯૧ |
| કાંગ | ૬૬૧ | ૬૬૧ |
| સુરજમુખી | ૭૨૬ | ૧૧૫૧ |
| મગફળી જાડી | ૧૧૦૧ | ૧૬૩૬ |
| ધાણી | ૨૮૦૧ | ૩૧૭૧ |
| બાજરો | ૩૦૧ | ૪૪૧ |
| જુવાર | ૪૦૧ | ૧૧૭૧ |
| મકાઇ | ૫૦૧ | ૫૯૧ |
| મગ | ૮૦૧ | ૧૬૩૧ |
| વાલ | ૫૦૧ | ૧૨૯૧ |
| ચોળા / ચોળી | ૮૦૧ | ૧૬૫૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૩૩૧ |
| ગોગળી | ૭૫૧ | ૧૩૦૧ |
| વટાણા | ૩૧૧ | ૯૦૧ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૦૫૦ | ૧૩૯૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૫૦ | ૨૦૮૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૬૨૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૮૧૫ |
| બાજરો | ૩૩૫ | ૪૭૦ |
| જુવાર | ૪૮૫ | ૧૧૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૫૫ |
| મગ | ૧૧૦૫ | ૧૭૦૫ |
| ચણા | ૯૩૦ | ૧૨૭૦ |
| સફેદ ચણા | ૧૧૬૦ | ૧૨૨૦ |
| તુવેર | ૧૦૮૫ | ૧૪૦૦ |
| કપાસ | ૧૦૫૦ | ૧૯૮૫ |
| નવો કપાસ | ૧૧૦૦ | ૧૪૭૫ |
| એરંડા | ૧૨૦૦ | ૧૩૫૦ |
| જીરૂ | ૩૦૩૦ | ૩૯૪૫ |
| રાય | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ધાણી | ૨૨૦૦ | ૩૦૩૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૩૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૦૦ | ૧૩૬૧ |
| શીંગ દાણા | ૧૫૦૦ | ૧૯૭૧ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૪૦૧ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૪૫૦ |
| કપાસ | ૧૪૫૦ | ૧૯૩૬ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૬૦ |
| બાજરો | ૫૦૦ | ૫૪૦ |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૫૦ |
| મકાઈ | ---- | ૫૦૦ |
| મગ | ૧૪૦૦ | ૧૫૧૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૪૧ |
| તુવેર | ૧૪૦૦ | ૧૪૬૦ |
| **ધારી** | | |
| ઘઉં | ૪૭૦ | ૪૭૦ |
| તલ કાળા | ૩૩૧૦ | ૩૩૧૦ |
| શીંગ દાણા | ૧૪૮૦ | ૧૮૭૦ |
| મકાઈ | ૪૧૫ | ૪૧૫ |
| વાલ | ૬૦૦ | ૬૦૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૧૫૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૩૫ | ૧૮૭૦ |
| મગફળી | ૯૦૦ | ૧૩૪૦ |
| ઘઉં લોકવન | ૪૫૩ | ૫૫૮ |
| ઘઉં ટુકડા | ૪૫૩ | ૫૩૦ |
| મકાઈ | ૩૫૧ | ૩૫૧ |
| તલ સફેદ | ૨૪૫૦ | ૨૪૫૦ |
| શીંગદાણા | ૧૩૦૦ | ૧૯૭૫ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૨૬૪ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૩૨૫ |
| ધાણા | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ચણા | ૧૦૭૦ | ૧૧૦૦ |
| રાજગરો | ૧૩૦૦ | ૧૩૦૦ |
| **બાબરા** | | |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૪૦૦ |
| જીરૂ | ૩૧૦૦ | ૩૪૦૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૦૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૩૩ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૯૯૧ | ૧૯૬૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૪૦ |
| જુવાર | ૧૦૦ | ૧૦૦ |
| મગ | ૨૦૦ | ૨૦૦ |
| ચણા | ૮૫૧ | ૧૨૦૧ |
| અડદ | ૧૭૫૬ | ૧૭૫૬ |
| તુવેર | ૮૦૧ | ૧૪૫૧ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૧૮૩૬ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૪૬ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૪૪૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૩૯૬ |
| ધાણા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૯૦૧ | ૧૨૯૬ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૦૭૫ | ૧૦૭૫ |
| જુવાર | ૫૦૦ | ૧૧૫૧ |
| બાજરી | ૩૯૦ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૧ |
| મગ | ૮૬૨ | ૧૫૧૩ |
| સુવા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૧૦૭૬ | ૧૨૪૦ |
| તલ સફેદ | ૧૫૦૬ | ૨૫૦૨ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૨૦૦ |
| તુવેર | ૧૧૭૫ | ૧૧૭૫ |
| જીરૂ | ૨૯૦૦ | ૩૬૦૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૫૫૨ |
| ડુંગળી સફેદ | ૧૨૦ | ૩૮૪ |
| નાળીયેર | ૬૦૦ | ૩૫૦૨ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૩૧૧ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૧૬ |
| ઘઉં | ૪૮૦ | ૫૬૦ |
| અડદ | ૧૬૦૦ | ૧૮૮૨ |
| મગ | ૧૨૫૦ | ૧૫૪૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૦૧ |
| સફેદ તલ | ૧૭૦૦ | ૨૨૯૦ |
| કાળા તલ | ૨૧૫૦ | ૩૫૯૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૫૯ |
| સીંગદાણા | ૧૫૭૫ | ૧૯૪૫ |
| રજકો | ૭૧૦૦ | ૯૫૦૦ |
| **જામનગર** | | |
| બાજરી | ૩૪૦ | ૪૨૫ |
| ઘઉં | ૪૪૧ | ૫૬૩ |
| મગ | ૧૫૦૦ | ૧૫૫૫ |
| ચોળી | ૧૦૫૦ | ૧૨૦૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૪૫૦ |
| એરંડા | ૧૩૫૦ | ૧૩૯૬ |
| તલ કાળા | ૧૪૦૦ | ૨૯૩૫ |
| લસણ | ૮૦૦ | ૧૮૦૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૭૫ |
| અજમો | ૨૩૮૦ | ૪૧૮૫ |
| અજમાની ભૂસી | ૨૦૫ | ૨૪૦૦ |
| ધાણા-ધાણી | ૨૧૦૦ | ૨૯૯૫ |
| ડુંગળી સુકી | ૫૦ | ૪૫૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૨૦૩૦ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૩૯૦ | ૨૪૬૫ |
| બાજરો | ૪૦૦ | ૫૧૬ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૫૪ |
| જુવાર | ૭૦૦ | ૧૨૫૧ |
| મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૦૮૦ |
| શીંગદાણા | ૧૯૦૦ | ૧૯૦૦ |

# શેરબજારમાં ઘટાડો, સેન્સેક્સ ૨૦૦થી વધુ પોઈન્ટ તૂટ્યો



મુંબઈ,તા.૧૨

શેરબજારમાં ૧૨ ઓગસ્ટે ઘટાડો જોવા મળ્યો છે. સેન્સેક્સ ૨૦૦થી વધુ પોઈન્ટ ઘટીને ૭૭,૯૦૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. જ્યારે નિફ્ટીમાં પણ ૫૦થી વધુ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો છે અને તે ૨૪,૪૦૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. બજારમાં રિયલ્ટી અને FMCG શેરોમાં આજે વધુ ઘટાડો જોવા મળ્યો છે. બીજી તરફ મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ અને ધૂત ટ્રાન્સમિશનના IPOનો આજે છેલ્લો દિવસ છે. મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ IPO દ્વારા ૯૩૯.૭૦ કરોડ રૂપિયા અને ધૂત ટ્રાન્સમિશન IPO દ્વારા ૩,૦૬૬.૮૯ કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે

# ૧૨ દિવસમાં સોનું ૧૦ હજાર અને ચાંદી ૧૬ હજાર રૂપિયા મોંઘી



મુંબઈ,તા.૧૨

સોના-ચાંદીના ભાવમાં આજે ૧૨ ઓગસ્ટે ફરી વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧૫૮ રૂપિયા વધીને ૧.૫૩ લાખ રૂપિયા થયો છે. જ્યારે એક કિલો ચાંદીનો ભાવ ૪૬ રૂપિયા વધીને ૨.૩૫ લાખ રૂપિયા પર પહોંચ્યો છે. ઓગસ્ટ મહિનાના માત્ર ૧૨ દિવસમાં સોનાના ભાવમાં ૧૦ હજાર રૂપિયા અને ચાંદીના ભાવમાં ૧૬ હજાર રૂપિયાનો વધારો નોંધાયો છે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલીમાં આજથી દેશભક્તિના કાર્યક્રમોની શાનદાર ઉજવણી શરૂ

અમરેલી,તા.૧૨

રાજ્યકક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી આ વર્ષે અમરેલી ખાતે યોજાવા જઈ રહી છે. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે અમરેલી શહેર અને જિલ્લામાં તા. ૧૩ ઓગસ્ટથી વિવિધ દેશભક્તિ, સાંસ્કૃતિક અને લોકભાગીદારીના કાર્યક્રમો યોજવામાં આવશે. જેના કારણે સમગ્ર અમરેલી શહેર દેશભક્તિના રંગે રંગાવા જઈ રહ્યું છે.તા. ૧૩ ઓગસ્ટના રોજ સવારે ૧૦ કલાકે પોલીસ પરેડ ગ્રાઉન્ડથી ભવ્ય તિરંગા યાત્રા યોજાશે. આ યાત્રામાં ૩૦૦ મીટર લાંબો વિશાળ તિરંગો મુખ્ય આકર્ષણ બનશે. યાત્રામાં નાગરિકો, યુવાનો અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં જોડાશે. ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયા, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ સહિતના મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે. આ સાથે શસ્ત્ર પ્રદર્શન પણ યોજાશે. ૧૩ ઓગસ્ટની રાત્રે ૮.૩૦ કલાકે ફોરવર્ડ હાઈસ્કૂલના મેદાન ખાતે 'રંગ કસુંબલ ડાયરો'નું આયોજન કરવામાં આવ્યું છે. જાણીતા લોકકલાકારો રાજભા ગઢવી, ઉર્વશી રાદડિયા અને વિવેક સાંચળા સહિતના કલાકારો લોકસંગીત અને લોકસંસ્કૃતિની મનમોહક પ્રસ્તુતિ કરશે.તા. ૧૪ ઓગસ્ટના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમરેલી અને વરસડા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. અમરેલી શહેરમાં નાગનાથ મહાદેવ મંદિરે પૂજન-અર્ચન કર્યા બાદ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે સમારોહ યોજાશે. સમર્થ વ્યાયામ મંદિર ખાતે અનુકંપા ફાઉન્ડેશન



દ્વારા આયોજિત સમારોહમાં પણ મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે. વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ અંતર્ગત શાંતાબેન હરિભાઈ ગજેરા મેડિકલ કોલેજના ઓડિટોરીયમ ખાતે કાર્યક્રમ યોજાશે. જેમાં રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા અને પ્રભારીમંત્રી જીતુભાઈ વાઘાણી ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત નવી નૂતન સ્કૂલના મેદાન ખાતે સાંજે ૪.૩૦ કલાકે રાજ્યપાલના અધ્યક્ષસ્થાને 'એટ હોમ' કાર્યક્રમ યોજાશે. સાંજે ૬.૩૦ કલાકથી ફોરવર્ડ હાઈસ્કૂલના મેદાનમાં મેગા કલ્ચરલ કાર્યક્રમ યોજાશે, જેમાં ગુજરાતની કલા, સંસ્કૃતિ અને પરંપરાનું નિદર્શન કરવામાં આવશે. રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વના સમારોહ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમ પહેલા અમરેલી જિલ્લામાં આશરે રૂ. ૪૦૩ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે. તા. ૧૫ ઓગસ્ટના રોજ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મુખ્ય સમારોહ યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવશે. પોલીસ જવાનો દ્વારા ભવ્ય પરેડ યોજાશે. સમગ્ર ઉજવણીને ઐતિહાસિક અને યાદગાર બનાવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જિલ્લાના નાગરિકોને તમામ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં જોડાઈ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સહભાગી થવા અપીલ કરવામાં આવી છે.

**૩૦૦ મીટર લાંબા તિરંગા સાથે તિરંગા યાત્રા, રાત્રે રંગ કસુંબલ ડાયરો, ૧૪મીએ મેગા કલ્ચરલ કાર્યક્રમ અને ૧૫મીએ રાજ્યકક્ષાની ઉજવણી**

## દામનગરમાં શ્રાવણ માસના પ્રથમ રવિવારે ભવ્ય કાવડ યાત્રાનું દ્વિતીય આયોજન

અમરેલી,તા.૧૨

શ્રાવણ માસના પ્રથમ રવિવારે દામનગરમાં ભગવાન શિવને સમર્પિત બીજી ભવ્ય કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. પૌરાણિક માન્યતા મુજબ કાવડ યાત્રા શિવજીની વિશેષ પૂજા વિધિ છે, જેમાં કાવડ લઈને નીકળતા ભક્તોને કાવડિયા કહેવાય છે. આગામી ૧૬-૦૮-૨૦૨૬ ને રવિવારે સપ્તઋષિ ગ્રૂપ અને સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા યોજાનાર આ કાવડ યાત્રા સવારે ૮:૩૦ કલાકે કુંભનાથ મહાદેવ મંદિરેથી પ્રારંભ થશે.આ યાત્રા પીપળેશ્વર મહાદેવ, રંખલેશ્વર મહાદેવ, ગંગેશ્વર મહાદેવ, નીલકંઠ મહાદેવ, પંચનાથ મહાદેવ, નાનેશ્વર મહાદેવ, ભગીરથ મહાદેવ, સુખનાથ મહાદેવ અને પૂર્ણેશ્વર મહાદેવ થઈ બપોરે ૧૨ વાગે વૈજનાથ મહાદેવ મંદિરે પહોંચશે. ત્યાં મહા અભિષેક, મહા આરતી અને ત્યારબાદ ફરાળનું આયોજન રાખેલ છે. હાલ આ ધાર્મિક પ્રસંગને સફળ બનાવવા પૂર જોશથી તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## લાઠીમાં BAPS પૂજ્ય મહંત સ્વામી દ્વારા પાંચ દેવ મૂર્તિ પ્રતિષ્ઠાન મહાયજ્ઞ સંપન્ન

લાઠી,તા.૧૨



લાઠી નગરમાં કલાપી પાર્ક ખાતે BAPS સંસ્થાન સાળંગપૂરથી પૂજ્ય મહંત સ્વામી દ્વારા પૂજિત પ્રાસાદિક પંચ દેવ મૂર્તિ ઓની લાઠી કલાપી પાર્ક ખાતે પ્રતિષ્ઠાન મહાયજ્ઞ વિધિ દિવ્ય ધર્મ સભર વાતાવરણમાં સંપન્ન દેવોના દેવ પૌરાણિક દૂધેશ્વર મહાદેવ મંદિરની જીર્ણોધાર મહોત્સવ કરતા સ્થાનિક શ્રધ્ધાળુ ભાવિક પરિજનો દૂધેશ્વર મહાદેવ,પાર્વતીજી,ગણેશજી હનુમાનજી,ગંગાજી,નંદી મહારાજ સહિત દેદીપ્યમાન દેવ મંદિર પ્રતિષ્ઠાન મહોત્સવમાં ગઢડા BAPS મંદિરના વરિષ્ઠ સંતો સ્વામી નારાયણ મંદિરેથી પૂજ્ય દાદા સ્વામી ભગવદ્ કીર્તન સ્વામી દ્વારા મૂર્તિસ્થાપન કરવામાં આવ્યું હતું. પ્રતિષ્ઠા મહોત્સવ મહાયજ્ઞ વૈદિક મંત્રોચારની દિવ્ય ધ્વનિ સાથે પ્રખર પંડિત રત્ન દીપેશભાઈ શાસ્ત્રીજી અકાળાવાળા દ્વારા કરવામાં આવેલી હતી. ખૂબ ધર્મ ઉલ્લાસથી શ્રધ્ધાળુ ભાવિકોએ શિવાલયના દર્શન પૂજન અર્ચનનો દિવ્યધર્મ લાભ મેળવ્યો હતો. શિવ અનુષ્ઠાનના પવિત્ર શ્રાવણ માસ પૂર્વે અતિ પૌરાણિક શિવ મંદિર પ્રતિષ્ઠાન થતા સમગ્ર શ્રધ્ધાળુ ભાવિકોમાં ખુશી વ્યાપી હતી.

## તરશિંગડાની વિનય વિદ્યા મંદિરમાં વિશ્વ સિંહ દિવસ નિમિત્તે રેલી યોજાઈ

અમરેલી,તા.૧૨

૧૦ મી ઓગસ્ટ સમગ્ર વિશ્વમાં 'વિશ્વ સિંહ દિવસ' તરીકે ઉજવાય છે ત્યારે ગીરની ગોદમાં વસેલા તરશિંગડા ગામની વિનય વિદ્યા મંદિર હાઈસ્કૂલમાં તેની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાળાની પ્રાર્થના સભામાં શિક્ષક ડો. દિલીપભાઇ મકવાણાએ વિદ્યાર્થીઓને વિશ્વ સિંહ દિવસનું મહત્વ સરળ રીતે સમજાવ્યું હતું. તે ઉપરાંત મુકેશભાઈ કોદાવલાએ વિદ્યાર્થીઓ પાસે સિંહનાં સંરક્ષણ માટેના વિવિધ સૂત્રો તૈયાર કરાવ્યા હતા અને ત્યારબાદ તરશિંગડા ગામમાં જાગૃતિ રેલીનું આયોજન થયું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય કનકસિંહ ગોહિલ સાહેબ, સી. આર. સી. કો ઓર્ડીનેટર વિપુલભાઈ ચુડાસમા, હરેશભાઈ શિંગાળા, મનનભાઈ વૈષ્નાણી તથા વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને સિંહ સંરક્ષણ રેલીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## હરનીલ ત્રિવેદીની ધારદાર દલીલને કારણે આરોપી ડોકટરને નિર્દોષ છોડતી કોર્ટ

અમરેલી,તા.૧૨

અમરેલીના તત્કાલીન તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. દયાળજીભાઈ પટેલ સામે ઈ.પી.કો. કલમ ૪૬૭ મુજબ ખોટા રેકર્ડ બનાવવાનો ગુનો નોંધાયો હતો.

આ કેસમાં નીચલી ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટે આરોપીને તકરારી કલમ હેઠળ તકસીરવાન ઠેરવીને ૧ વર્ષની કેદની સજા ફટકારી હતી. આ ચુકાદા સામે એડવોકેટ મુકેશભાઈ બી. પાઠક મારફતે અમરેલીના પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજની કોર્ટમાં રિવિઝન અરજી દાખલ કરવામાં આવી હતી. સેશન્સ



કોર્ટે બન્ને પક્ષોની દલીલો અને કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ નીચલી કોર્ટનો સજાનો હુકમ ગેરકાયદેસર ઠેરવી રદ કર્યો હતો અને આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો આદેશ કર્યો હતો. યુવા એડવોકેટ હરનીલ ત્રિવેદીની ધારદાર દલીલને કારણે ડોકટરનો નિર્દોષ છુટકારો થયો હતો.

**તાલુકા હેલ્થ ઓફિસર ડો. દયાળજીભાઈ પટેલ સામે ખોટા રેકર્ડ બનાવવાનો ગુનો નોંધાયો હતો**

## સુરતમાં આગામી બે મહિના સુધી એચ.આઈ.વી. જાગૃતિ માટે આઈ.આઈ.સી. કેમ્પેઈન શરૂ કરાયો

અમરેલી,તા.૧૨

સુરતમાં ૧૨ ઓગસ્ટ ૨૦૨૬ ના દિવસે ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અને આરોગ્ય વિભાગ દ્વારા 'ઈન્ટેન્સિફાઈડ આઈ.આઈ. સી. કેમ્પેઈન' શરૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ૧૨ ઓક્ટોબર સુધી ચાલશે. કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અનિલ



પટેલ, ડો. દિનેશ વસાવા, ડો. ભાવિન પટેલ અને પ્રિન્સિપાલ મુકેશભાઈ પટેલ, પૃથ્વિક દેસાઈ તથા સીમા દેસાઈ હાજર રહ્યા હતા.

યુવાનોને ૧૦૯૭ હેલ્પલાઈન અને QR કોડથી સાચી માહિતી મેળવવા સમજાવ્યા હતા.

ત્યારબાદ અધિકારીઓએ લીલી ઝંડી આપી રેલી પ્રસ્થાન કરાવ્યુ હતું. વિદ્યાર્થીઓ પ્લેકાર્ડ લઈને રસ્તા પર જાગૃતિ સંદેશાઓ આપ્યા હતા અને સૂત્રોચ્ચાર કર્યો હતા.

## ઉનાના મોઠા ગામે ઘોરીયાદાદાના સાનિધ્યમાં તપસ્વી બાપુની ૨૫મી પુણ્યતિથિ ઉજવાઈ

ઉના,તા. ૧૨



તસવીર : કૈલેશ ભટ્ટ

ઉના તાલુકાના મોઠા ગામે આવેલા સુપ્રસિધ્ધ પૌરાણિક મંદિર ઘોરીયાદાદાના સાનિધ્યમાં બ્રહ્મલીન સંત તપસ્વી બાપુની ૨૫મી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે વિવિધ ભવ્ય ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર લોકોની અપાર આસ્થાનું કેન્દ્ર હોઈ, મોટી સંખ્યામાં ભક્તજનો અને સેવકગણોએ અહીં ઉપસ્થિત રહી દર્શન, પૂજા અર્ચના અને આશીર્વાદનો લાભ લીધો હતો. આ પાવન અવસરે મંદિરમાં હોમાત્મક યજ્ઞ અને ભોજન પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, તેમજ પર્યાવરણની જાળવણીના સંદેશ સાથે ૧૧૦૦ ફળાવ વૃક્ષોનું વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

## અમરેલી જીલ્લા ભાજપમાં મીડિયા અને સોશિયલ મીડિયાના હોદ્દેદારોની નિમણૂક

**મીડિયા વિભાગના સહ ઇન્ચાર્જ તરીકે હિરેન ચાવડા અને હિરેન યાદવની નિમણૂંક**

અમરેલી,તા.૧૨

અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી દ્વારા પાર્ટીના મીડિયા અને સોશિયલ મીડિયા વિભાગમાં નવી નિમણૂકો કરવામાં આવી છે. પ્રદેશ નેતૃત્વના માર્ગદર્શન અને જીલ્લા પ્રભારી અભયસિંહ ચૌહાણ સાથેની ચર્ચા બાદ આ નિર્ણયો લેવાયા છે.સોશિયલ મીડિયાના ઈન્ચાર્જ તરીકે ધર્મેશ વિસાવળીયા અને સહ ઈન્ચાર્જ તરીકે અનિરુધ્ધ બોરીચા તથા મહેશ મારૂની પસંદગી કરાઈ છે. આ ઉપરાંત મીડિયા વિભાગના સહ ઈન્ચાર્જ તરીકે હિરેન ચાવડા અને હિરેન યાદવની નિમણૂક કરવામાં આવી છે. આ નવી નિમણૂકો અંગે જીલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટી દ્વારા માહિતી આપવામાં આવી હતી.

## ઉનાના શાણા વાંકિયા સેવા સહકારી મંડળીમાં કરોડોની ઉચાપતના આક્ષેપ

ઉના,તા.૧૨

ઉના તાલુકાના શાણાવાંકિયા ગામની સેવા સહકારી મંડળીમાં ખેડૂતોના નામે કથિત રીતે કરોડો રૂપિયાની ઉચાપત થયાના આક્ષેપોને લઈને ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ બે વર્ષ અગાઉ સમગ્ર મામલે ફરિયાદ કરવામાં આવી હતી, પરંતુ હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. નિર્દોષ ખેડૂતોના નામે લોન સહિતની નાણાકીય પ્રક્રિયા કરી તેમના ખાતામાંથી કરોડો રૂપિયા ઉપાડી લેવાયા હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. તેમજ એનઓસી મેળવવા માટે ખેડૂતો પાસેથી વ્યાજ સહિતની રકમ વસૂલાતી હોવાનો પણ આક્ષેપ છે. આ મામલે ગામના અગ્રણી ખેડૂતો અને આમ આદમી પાર્ટીના મહિલા અગ્રણી સેજલબેન ખુટની આગેવાનીમાં તંત્રને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ખેડૂતો દ્વારા ઝડપી અને નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરાઈ છે. કાર્યવાહી નહીં થાય તો આંદોલનની ચીમકી આપવામાં આવી છે.


### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૬૯/૨૦૨૬

અરજદાર :- શ્રી ભાણાભાઈ નાનજીભાઈ સાંખટ
સરનામુ :- મુ.મીઠાપુર તા.જાફરાબાદ જિ.અમરેલી મો.૭૮૭૪૩૧૧૫૬૭
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી – મીઠાપુર
મુ.મીઠાપુર તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના મીઠાપુર** ગામ ના **શ્રી ભાણાભાઈ નાનજીભાઈ સાંખટ** એ તેમની પુત્રી નામે હિના ભાણાભાઈ સાંખટ નો **જન્મ તા.૧૨/૧૨/૨૦૦૯** ના રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈ ને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસ માં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી

આજ તારીખ. માહે.૧૩ માર્ચ સને.૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૩/૦૩/૨૦૨૬**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૬૮/૨૦૨૬

અરજદાર :- શ્રી સોલંકી પડવીબેન બીજલભાઈ
સરનામુ :- મું.નાગેશ્રી તા.જાફરાબાદ જિ.અમરેલી મો.૯૯૦૯૮૭૪૪૩૦
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી – નાગેશ્રી
મું.નાગેશ્રી તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના નાગેશ્રી** ગામ ના **શ્રી સોલંકી પડવીબેન બીજલભાઈ** એ તેમની પુત્ર નામે મોહનભાઈ બીજલભાઈ સોલંકી નો **જન્મ તા.૦૧/૦૬/૧૯૭૮** ના રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી બી.એલ.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈ ને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસ માં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. માહે.૧૩ માર્ચ સને.૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૩/૦૩/૨૦૨૬**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૮૩/૨૦૨૬

અરજદાર :- શ્રી સોલંકી મંજુબેન જીલુભાઈ
સરનામું :- મુ.વડલી તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી-વડલી,
મુ.વડલી,તા. જાફરાબાદ, જિ. અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વડલી** ગામના **શ્રી સોલંકી મંજુબેન જીલુભાઈ** એ તેમના **પુત્ર નામે શ્રી પ્રવીણભાઈ જીલુભાઈ સોલંકી નું મરણ તા.૨૨/૧૧/૨૦૨૪** નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઈ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૧૩** માહે. **માર્ચ** સને. **૨૦૨૬** નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૧૩/૦૩/૨૦૨૬**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### -// મહે.ગીર ગઢડાના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં મું.ગીર ગઢડા //-

રે.દિ.મુ.નં.૮૦/૨૦૨૫

કાનાભાઈ કરશનભાઈ સરવૈયા
રહે.સનવાવ,ઠે.બસ સ્ટેશનની બાજુમાં,
તા.ગીર ગઢડા,જી.ગીર સોમનાથ ............વાદી

**વિરૂધ્ધ**
મણીબેન નાનજીભાઇ ધાપા,
રહે.અમરેલી,ઠે.હનુમાન પરા,
તા.અમરેલી,જી.અમરેલી .........પ્રતિવાદી

૧. ઉપરોક્ત કેસમાં પ્રતિવાદીને સામાન્ય રીતે સમન્સની બજવણી થઈ શકી નથી. તેથી માનનીય કોર્ટના તા.૧૪/૦૭/૨૦૨૬ ના હુકમથી CPC Order V Rule 20 મુજબ આ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨. આથી પ્રતિવાદીને જાહેર સૂચના આપવામાં આવે છે કે તેઓ તા.૧૮/૦૮/૨૦૨૬ ના રોજ સવારે : વાગ્યે માનનીય કોર્ટ સમક્ષ વ્યક્તિગત રીતે અથવા પોતાના વકીલ મારફતે હાજર રહે અને પોતાનો લેખિત જવાબ (Written Statement) રજૂ કરે.

૩. જો નિર્ધારિત તારીખે હાજર નહીં રહે, તો કોર્ટ કાયદા મુજબ કેસની આગળની કાર્યવાહી, જરૂરી હોય તો એકતરફી (Ex Parte) ચલાવશે, જેની સંપૂર્ણ જવાબદારી પ્રતિવાદીની રહેશે.

**વાદીના વકીલ**
**સહી,**
**એડવોકેટ. વીજયકુમાર બી. સોસા**
**જી/૪૦૬૮/૨૦૨૨, મો.૬૩૫૬૮૧૭૨૧૫**
**વકીલ હાઉસ, ઓફિસ નં.૪, કોડીનાર**

**કોર્ટના હુકમથી**

અમરેલીમાં મુખ્યમંત્રીના આગમન પૂર્વે

# સફાઈ કામમાં બેદરકારી દાખવનાર કર્મચારીને પાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયાએ જાહેરમાં ખખડાવ્યા

અમરેલી,તા.૧૨

અમરેલીમાં મુખ્યમંત્રીના આગમનને લઈને તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે અમરેલી નગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે દિવસ-રાત કામગીરી કરવામાં આવી રહી છે. આ દરમિયાન ગઈકાલે અમરેલીના એક વિસ્તારમાં નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયાએ રાત્રિના સમયે આકસ્મિક મુલાકાત લીધી હતી. આ તપાસ દરમિયાન સ્થળ પર ગંદકીના ઢગલા જોવા



મળતા પ્રમુખે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીનું આગમન થઈ રહ્યું હોવા છતાં સફાઈ કામગીરીમાં આવી ગંભીર બેદરકારી રાખવા બદલ વૈશાલીબેન માંગરોળીયાએ જવાબદાર અધિકારીઓ અને સુપરવાઈઝરોને તાત્કાલિક સ્થળ પર બોલાવીને તેમનો જોરદાર ઉધડો લીધો હતો. તેમણે કર્મચારીઓને જાહેરમાં ખખડાવ્યા હતા અને નિયમ મુજબ કડક કાર્યવાહી કરવાની ચીમકી પણ આપી હતી. નગરપાલિકા પ્રમુખના આ અચાનક સરપ્રાઈઝ ચેકિંગથી બેદરકાર કર્મચારીઓ અને અધિકારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

# તેલંગાણામાં ઓટો-રિક્ષા અને ટેન્કર વચ્ચે ટક્કરમાં પાંચ મહિલાઓ સહિત ૬ના મોત

**મુખ્યમંત્રીએ ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ તબીબી સારવાર પૂરી પાડવા અધિકારીઓને આદેશ આપ્યા**

હૈદરાબાદ,તા.૧૨

તેલંગાણાના સંગારેડ્ડી જિલ્લામાં સતવાર નજીક ટેન્કર અને ઓટો-રિક્ષા વચ્ચે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં ૫ મહિલાઓ સહિત ૬ લોકોના મોત થયા છે, જ્યારે અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા છે.




ઓટો-રિક્ષામાં સવાર તમામ ૧૨ લોકો કર્ણાટકના બિદર જિલ્લાના રાજગેરા ગામના ખેતમજૂરો હતા. મૃતકોમાં રેખા, શ્રીદેવી, કવિતા, રેશ્મા, નિકિતા અને ડ્રાઈવર દેવદાસનો સમાવેશ થાય છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કરીને ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ તબીબી સારવાર પૂરી પાડવા અધિકારીઓને આદેશ આપ્યા છે. પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઉપરાંત અન્ય એક માર્ગ અકસ્માતમાં NH-65 પર કાર રોડ ડિવાઈડર સાથે અથડાતાં બે લોકોના મોત થયા છે.

# જેલમાં બંધ પૂર્વ સાંસદ પ્રજ્વલ રેવન્ના પાસેથી મોબાઈલ ફોન મળતા ચકચાર

બેંગલુરુ,તા.૧૨

બેંગલુરુની પરપ્પાના અગ્રહારા સેન્ટ્રલ જેલમાં સીબીઆઈ અને સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચ (CCB) દ્વારા પાડવામાં આવેલા દરોડા દરમિયાન પૂર્વ સાંસદ પ્રજ્વલ રેવન્નાની બેરેકમાંથી એન્ડ્રોઈડ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસ મહાનિર્દેશક આલોક કુમારના જણાવ્યા મુજબ, હાઈ-પ્રોફાઈલ કેદીઓ સામે ચારથી પાંચ કલાક સુધી ચાલેલા સર્ચ ઓપરેશન બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઘટના અંગે પરપ્પાના અગ્રહારા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. ફરજમાં બેદરકારી દાખવવા બદલ સહાયક અધિક્ષક ઈરાના રંગપુરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જ્યારે જેલ અધિક્ષકને કારણ બતાવો નોટિસ જારી કરાઈ છે. જાતીય સતામણીના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા રેવન્ના પાસેથી ફોન મળતાં જેલ તંત્રની સુરક્ષા સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

# અદાણી સામે અમેરિકી કોર્ટે કેસ બંધ કરતા રાહુલ ગાંધીએ પીએમ મોદી પર કર્યા પ્રહારો

**હજુ બે કેસમાં અન્ય આરોપો સામે પર નિર્ણય બાકી**

નવી દિલ્હી,તા.૧૨





કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ યુએસ ફેડરલ કોર્ટ દ્વારા ગૌતમ અદાણી અને સાગર અદાણી સામેના ફોજદારી આરોપો કાયમ માટે ફગાવી દેવાયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર જોરદાર પ્રહાર કર્યા છે.

રાહુલે આરોપ લગાવ્યો કે વડાપ્રધાને ભારતના હિતો સાથે સમાધાન કરીને તેને વેચવાની મજબૂરી ઊભી કરી છે, જેની ભારે કિંમત દેશ ચૂકવી રહ્યો છે. યુએસ ન્યાય વિભાગની વિનંતી પર ન્યુ યોર્કની કોર્ટે સિક્યોરિટીઝ અને વાયર છેતરપિંડીના આરોપો રદ કર્યા છે, જેનું અદાણી ગ્રુપે સ્વાગત કર્યું છે. ન્યાયાધીશ ગેરોફિસે સ્પષ્ટ કર્યું કે આ નિર્ણય ફરિયાદ પક્ષની વિવેકબુધ્ધિ પર આધારિત છે. આ કેસમાં અન્ય બે આરોપો પર નિર્ણય બાકી છે અને યુએસ વિભાગને ૩૧ ઓગસ્ટ સુધીનો સમય આપવામાં આવ્યો છે.

# ન્યૂયોર્ક અને ન્યૂ જર્સીમાં ૧૫ ઓગસ્ટ 'ભારતનો સ્વતંત્રતા દિવસ' જાહેર

ન્યૂયોર્ક,તા.૧૨

ન્યૂયોર્ક અને ન્યૂ જર્સી રાજ્યોએ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ને 'ભારતનો સ્વતંત્રતા દિવસ' તરીકે જાહેર કર્યો છે. ન્યૂ જર્સીના ગવર્નર મિકી શેરિલ અને ન્યૂયોર્કના ગવર્નર કેથી હોચુલે આ જાહેરાત કરી છે. ભારતીય કોન્સ્યુલેટ જનરલે સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપી હતી. ઘોષણામાં બંને દેશો વચ્ચેના લાંબા સમયથી ચાલતા મૈત્રીપૂર્ણ સંબંધો અને વધતી ભાગીદારીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સાથે જ અમેરિકામાં વસતા ભારતીય-અમેરિકન સમુદાયના શિક્ષણ, આરોગ્ય, ટેકનોલોજી, વ્યવસાય અને જાહેર સેવામાં યોગદાનને પણ બિરદાવવામાં આવ્યું છે. ઘોષણામાં ભારતની અહિંસક સ્વતંત્રતા ચળવળ અને તેના મૂલ્યોને યાદ કરવામાં આવ્યા છે. ૮૦મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે યુવાનો અને વિદ્યાર્થીઓના યોગદાનને પણ ખાસ મહત્વ આપવામાં આવશે.

# અંબાણી પરિવાર ભારતનો સૌથી ધનિક વ્યવસાયિક પરિવાર બન્યો, અદાણી પ્રથમ પેઢીમાં ટોચ પર

નવી દિલ્હી,તા.૧૨

'૨૦૨૬ બાર્કલેઝ પ્રાઈવેટ ક્લાયન્ટ્સ હુરુન ઈન્ડિયા મોસ્ટ વેલ્યુએબલ ફેમિલી બિઝનેસ લિસ્ટ' મુજબ, મુકેશ અંબાણીનો પરિવાર રૂ.૨૫.૮ લાખ કરોડની સંપત્તિ સાથે ભારતનો સૌથી ધનિક વ્યવસાયિક પરિવાર બન્યો છે. જ્યારે ગૌતમ અદાણીનો પરિવાર રૂ.૧૯.૬ લાખ કરોડની



સંપત્તિ સાથે પ્રથમ પેઢીના વ્યવસાયોમાં પ્રથમ ક્રમે રહ્યો છે. આ યાદીમાં સુનિલ ભારતી મિત્તલ રૂ.૧૨.૧ લાખ કરોડ સાથે ત્રીજા અને કુમાર મંગલમ બિરલા રૂ.૮.૧૪ લાખ કરોડ સાથે ચોથા સ્થાને છે. હુરુન ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર ભારતના ટોચના કૌટુંબિક વ્યવસાયોનું કુલ મૂલ્ય રૂ.૧૩૮ લાખ કરોડ સુધી પહોંચ્યું છે. આ ઉપરાંત જિંદાલ પરિવારે સંપત્તિમાં રૂ.૩.૩ લાખ કરોડનો સૌથી મોટો વધારો નોંધાવ્યો છે, જ્યારે શાહી એક્સપોર્ટ્સે ત્રણ વર્ષમાં ૩૫૨ ટકાનો સર્વોચ્ચ વૃધ્ધિ દર હાંસલ કર્યો છે.

# અરુણાચલ પ્રદેશમાં ચીની સેનાએ ભારતીય જવાનોને મુખ્ય પેટ્રોલિંગ પોઈન્ટ્સ સુધી પહોંચતા અટકાવ્યા

ઈટાનગર,તા.૧૨

ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) એ અરુણાચલ પ્રદેશના ઉપલા સુબનસિરી જિલ્લાના ટાકિંસગ વિસ્તારમાં ભારતીય સેનાને મુખ્ય પેટ્રોલિંગ પોઈન્ટ્સ સુધી પહોંચતા અટકાવી દીધી છે. પીપલ્સ પાર્ટી ઓફ અરુણાચલ (PPA) ની ફેક્ટ-ફાઈન્ડિંગ કમિટીના અહેવાલ મુજબ, પીએલએ



વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) નજીકના પરંપરાગત ચરાઈ અને શિકારના વિસ્તારો પર ધીમે ધીમે પોતાનો કબજો વધારી રહી છે. રિપોર્ટ અનુસાર, ૨૦૨૩માં 'શેરા ૫ પોઈન્ટ' પર થયેલી અથડામણ બાદ ભારતીય ટુકડી પાછી હટી હતી અને ત્યારથી ચીની સેના ત્યાં ભારતીય જવાનોને જતાં અટકાવે છે. કમિટીએ માળખાકીય સુવિધાઓમાં સુધારા, કાયમી આર્મી બેઝ કેમ્પ, વીજળી અને નેટવર્ક કનેક્ટિવિટી તેમજ બીઆરઓ રોડ નિર્માણનું કામ યુધ્ધના ધોરણે ઝડપી બનાવવાની ભલામણ કરી છે.

# પીએમ મોદીને મળેલી ભેટોની ઈ-હરાજીમાંથી સરકારને ૨૦૨૫મા ૧.૮૯ કરોડ મળ્યા : ગજેન્દ્રસિંહ શેખાવત

નવી દિલ્હી,તા.૧૨

કેન્દ્રીય પ્રવાસન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે લોકસભામાં માહિતી આપતાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૫ માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળેલી ભેટો અને સ્મૃતિચિહ્નોની ઈ-હરાજીમાંથી સરકારને રૂ.૧.૮૯ કરોડની આવક થઈ હતી. આ ઈ-હરાજીનું સાતમું સંસ્કરણ હતું, જ્યારે ૨૦૨૪




માં છઠ્ઠી આવૃત્તિ દરમિયાન રૂ.૨.૨૪ કરોડ મળ્યા હતા. વડાપ્રધાનને મળેલા સ્મૃતિચિહ્નોની હરાજીની શરૂઆત ૨૦૧૯ થી કરવામાં આવી હતી અને અત્યાર સુધીના વિવિધ તબક્કામાંથી રૂ.૫૦ કરોડથી વધુની રકમ પ્રાપ્ત થઈ છે. કેન્દ્રીય મંત્રીએ વધુમાં સ્પષ્ટતા કરી હતી કે ૨૦૧૯ પહેલાં નેશનલ ગેલેરી ઓફ મોર્ડન આર્ટ દ્વારા આવી કોઈ ભેટોની હરાજી કરવામાં આવતી નહોતી.

# બ્રાહ્મણો પીડીએના નામે મૂર્ખ બનવાના નથી, રવિ કિશનના અખિલેશ યાદવ પર પ્રહાર

ગોરખપુર,તા.૧૨

ભાજપના સાંસદ રવિ કિશને સપા પ્રમુખ અખિલેશ યાદવ પર પ્રહાર કરતા જણાવ્યું કે બ્રાહ્મણ સમુદાય મૂર્ખ બનાવવાનું રમકડું નથી. બ્રાહ્મણો સ્વાભિમાની, દેશભક્ત અને બૌધ્ધિક છે. સપા દ્વારા પીડીએના નામે બ્રાહ્મણ મતદારોને લુભાવવાનો પ્રયાસ સફળ થશે નહીં. અખિલેશ યાદવે



ભાજપ પર બ્રાહ્મણોની ઉપેક્ષા કરવાનો આરોપ લગાવ્યો હતો, જેના જવાબમાં રવિ કિશને આ કટાક્ષ કર્યો છે.

# બાંગ્લાદેશના પીએમ તારિક રહેમાન બ્રિક્સ સમિટ માટે દિલ્હી નહીં આવે, શેખ હસીના મુદ્દે વિવાદ ઘેરાયો

નવી દિલ્હી,તા.૧૨

બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાન દિલ્હીમાં યોજાનાર બ્રિક્સ સમિટના આઉટરીચ સત્રમાં હાજરી આપે તેવી શક્યતા નહિવત છે. શેખ હસીનાને દિલ્હીથી રાજકીય નિવેદનો આપવા અને મીડિયા સાથે વાત કરવાની મંજૂરી આપવા સામે બાંગ્લાદેશ સરકારે વિરોધ નોંધાવ્યો છે. બાંગ્લાદેશના ગૃ



હમંત્રી સલાહુદ્દીન અહેમદે કડક વલણ અપનાવતા જણાવ્યું છે કે ભારતે 'હસીના કાર્ડ' રમવાનું બંધ કરવું જોઈએ અને જો ભારત હસીનાને પોતાની ધરતી પરથી પ્રવૃત્તિઓ કરવા દેશે તો પરસ્પર સંબંધો પર પુનર્વિચાર કરવો પડશે. ભારત તરફથી BIMSTEC ના અધ્યક્ષ તરીકે રહેમાનને આમંત્રણ મોકલવામાં આવ્યું હતું, પરંતુ હાલની તંગદિલી વચ્ચે ઢાકાએ આ પ્રવાસ રદ કરવાનો સંકેત આપ્યો છે.

# પાકિસ્તાનના ગુપ્ત લશ્કરી અને ISI બજેટ પર અમેરિકાએ સવાલ ઉઠાવ્યા

**પાકિસ્તાન સરકારે સરકારી દેવાં અને લશ્કરી ખર્ચ અંગે ખૂબ જ મર્યાદિત માહિતી જાહેર કરી**

વોશિંગ્ટન,તા.૧૨

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે તેના 'ફિસ્કલ ટ્રાન્સપરન્સી રિપોર્ટ ૨૦૨૬' માં પાકિસ્તાનના ગુપ્ત લશ્કરી અને આઈએસઆઈ (ISI) બજેટ પર ગંભીર




સવાલો ઉઠાવ્યા છે. અમેરિકાએ પાકિસ્તાનને તેના સૈન્ય અને ગુપ્તચર એજન્સીઓના ખર્ચને સંસદીય તથા નાગરિક દેખરેખ હેઠળ લાવવા અને નાણાકીય પારદર્શિતા વધારવા માટે જણાવ્યું છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે પાકિસ્તાન સરકારે સરકારી દેવાં અને લશ્કરી ખર્ચ અંગે ખૂબ જ મર્યાદિત માહિતી જાહેર કરી છે. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાને ૨૦૨૬-૨૭ માટે આશરે રૂ.૩ ટ્રિલિયનનું સંરક્ષણ બજેટ રજૂ કર્યું છે, જે કુલ બજેટના લગભગ ૧૬ ટકા જેટલું છે. અમેરિકા વાર્ષિક ધોરણે આર્થિક સહાય મેળવતા દેશોનું ઓડિટ કરીને ટેક્સપેયર્સના નાણાંના યોગ્ય ઉપયોગની ખાતરી કરે છે, જેના ભાગરૂપે આ હિસાબ માંગવામાં આવ્યો છે.

# જીવનું જોખમ હોવાથી તુર્કીમાં વિમાન બદલવું પડયું, ડોનાલ્ડ ટ્રમ્પનો ખુલાસો

**દેશના દરેક મહત્વપૂર્ણ રાષ્ટ્રપતિને આવી સુરક્ષાત્મક ધમકીઓનો સામનો કરવો પડે છે**

વોશિંગ્ટન,તા.૧૨

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે એક મોટો ખુલાસો કરતાં પુષ્ટિ કરી છે કે સુરક્ષા અને ધમકીઓને કારણે તુર્કીમાં યોજાયેલી સમિટ દરમિયાન



તેમણે એરફોર્સ વનને બદલે બીજા વિમાનનો ઉપયોગ કરવો પડ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ ગુપ્ત સેવા (સિક્રેટ સર્વિસ) અને સૈન્યની સલાહ મુજબ નિર્ણયો લે છે. રિપોર્ટ મુજબ, કતાર તરફથી મળેલા બોઈંગ ૭૪૭-૮ વિમાનને બદલે તેઓ જૂના એરફોર્સ વન અને બાદમાં ગુપ્ત રીતે નાના C-૩૨A વિમાનમાં ટ્રાન્સફર થયા હતા. ઓહિયોથી પરત ફરતી વખતે પત્રકારો સાથે વાતચીતમાં ટ્રમ્પે જણાવ્યું કે તેમને ઈરાન અને અન્ય તરફથી સતત ધમકીઓ મળતી રહે છે, જેની જનતાને જાણ હોતી નથી. તેમણે ઉમેર્યું કે દેશના દરેક મહત્વપૂર્ણ રાષ્ટ્રપતિને આવી સુરક્ષાત્મક ધમકીઓનો સામનો કરવો પડતો હોય છે, અને અધિકારીઓની સૂચનાનું પાલન કરવું અનિવાર્ય બને છે.

# ધોરાજીમાં વૃધ્ધ દંપતીએ ઝેરી દવા પી આપઘાત કરી લેતા અરેરાટી

ધોરાજી,તા.૧૨

ધોરાજી શહેરના જમનાવાડ રોડ વિસ્તારમાં રહેતા વૃધ્ધ દંપતીએ મોડી રાત્રે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા બંનેના મોત નીપજ્યા હોવાની ઘટના સામે આવી છે. જીતુભાઈ મોહનભાઈ રાવરાણી (ઉ.વ.૬૬) અને તેમના પત્ની મધુબેન જીતુભાઈ રાવરાણી (૬૨)એ ઝેરી દવા પી લેતા પરિવારજનોને જાણ થઈ હતી.





ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવતા ધોરાજી પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને બંનેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. જોકે ફરજ પરના તબીબે બંનેને મૃત જાહેર કર્યા હતા. જીતુભાઈ સ્ટેશન રોડ પર હેર સલૂન ચલાવતા હતા અને સામાજિક સેવા સાથે પણ જોડાયેલા હતા. તેઓ સરળ અને મિલનસાર સ્વભાવના વ્યક્તિ તરીકે જાણીતા હતા. બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા છે. પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. આપઘાતનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરી પરિવારજનોની પૂછપરછ કરવામાં આવી રહી છે. ઘટનાથી વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે.

# રાજય સરકારે જિલ્લા પંચાયત પ્રમુખ ગ્રાન્ટ અને રાષ્ટ્રીય પર્વોની ઉજવણીની રકમમાં મોટો વધારો કર્યો

ગાંધીનગર,તા.૧૨

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સ્થાનિક સ્વરાજ્ય અને સામુદાયિક વિકાસને વેગ આપવા માટે મહત્વના ઠરાવો બહાર પાડવામાં આવ્યા છે. જિલ્લા પંચાયત પ્રમુખ માટે વાર્ષિક રૂપિયા ૩ કરોડની ગ્રાન્ટ નક્કી કરવામાં આવી છે. અઢી વર્ષની ટર્મમાં પ્રથમ બે વર્ષ દરમિયાન



વાર્ષિક ૩ કરોડ અને અંતિમ છ મહિના માટે ૪૦ લાખના વિકાસકામોનું આયોજન કરવાનું રહેશે. પ્રમુખની ગેરહાજરી કે વહીવટદાર શાસનમાં આ સત્તા જિલ્લા આયોજન મંડળ પાસે રહેશે. આ ઉપરાંત ૧૫મી ઓગસ્ટ, ૨૬મી જાન્યુઆરી અને ૧લી મે ની ઉજવણી માટે ગ્રામ્ય, શહેરી અને મહાનગરપાલિકા વિસ્તારોના વિકાસકામો અર્થે ફાળવવામાં આવતી ગ્રાન્ટ વધારીને રૂપિયા ૫-૫ કરોડ કરવામાં આવી છે. આ નિર્ણયથી તમામ વિસ્તારોમાં વિકાસકાર્યોને નવી ઝડપ મળશે.

# વંથલીમાં મગફળીનો પાક નિષ્ફળ જતા ખેડૂતો ઊભો મોલ સળગાવવા મજબૂર

જૂનાગઢ,તા.૧૨




ગુજરાતના જૂનાગઢ જિલ્લાના વંથલી પંથકમાં વરસાદ ખેંચાતા અને રોગચાળો ફેલાતા મગફળીનો પાક નિષ્ફળ ગયો છે. પીળીયો, સુકારો અને હિરીયા જેવા રોગોથી કંટાળીને ખેડૂતો ઊભો પાક સળગાવવા અને રાપ ફેરવવા મજબૂર બન્યા છે. બિયારણ, ખાતર અને દવાઓ પાછળ વીઘાદીઠ ભારે ખર્ચ કર્યા બાદ પણ પાક ન બચતા ખેડૂતો આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. પીડી ડાંગર અને શૈલેષ ડાંગર જેવા ખેડૂતોએ સરકાર પાસે તાત્કાલિક સર્વે કરાવીને વળતર આપવાની માગ કરી છે.

# રાજયમાં ચાંદીપુરા વાયરસના કહેરથી વધુ બે બાળકીઓના મોત, કુલ મૃત્યુઆંક ૨૭ થયો

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસનો કહેર સતત વધી રહ્યો છે. મહીસાગરના કડાણા અને ગાંધીનગરના સોનીપુરામાં ૭ વર્ષીય બે બાળકીઓના મોત થતાં રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૨૭ પર પહોંચ્યો છે. ગાંધીનગર જિલ્લામાં ચાંદીપુરા વાયરસથી આ ત્રીજું મોત નોંધાયું છે,





જેનાથી સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે. સોનીપુરમાં બાળકીને અચાનક ખેંચ અને મગજના તાવના લક્ષણો દેખાતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. ઘટના બાદ આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. વાયરસનો ફેલાવો અટકાવવા માટે સોનીપુર અને આસપાસના વિસ્તારોમાં સઘન સર્વેલન્સ હાથ ધરીને સેન્ડફ્લાયના ઉપદ્રવને રોકવા દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

# ઊંઝા માર્કેટયાર્ડ બેંકના ૩.૪૪ કરોડના ઉચાપત કેસમાં કોર્ટે પુનઃ તપાસનો આદેશ આપ્યો

મહેસાણા,તા.૧૨



મહેસાણાની ઊંઝા માર્કેટયાર્ડ કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંકના રૂ.૩.૪૪ કરોડની ઉચાપત કેસમાં કોર્ટે પુનઃ તપાસનો મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. એપ્રિલ થી જૂન ૨૦૨૫ દરમિયાન કેશિયર સચિન પટેલ દ્વારા કરવામાં આવેલી આ ઉચાપતમાં બેંકના અન્ય કર્મચારીઓની કથિત બેદરકારી કે સંડોવણી અંગે સવાલો ઊભા થયા હતા. કોર્ટે સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરીને ૪૫ દિવસની અંદર વિસ્તૃત રિપોર્ટ રજૂ કરવા પોલીસ તંત્રને નિર્દેશ આપ્યા છે.

# ડીસામાં એશિયાનું પહેલું ડેઝર્ટ ઝૂ બનશે, કરોડોના પ્રોજેક્ટને CZA ઓથોરિટીની મંજૂરી

પાલનપુર,તા.૧૨

બનાસકાંઠાના જૂના ડીસા ખાતે પ્રસ્તાવિત ડેઝર્ટ ઝૂઓલોજિકલ પાર્ક અને નાઈટ સફારી પ્રોજેક્ટને સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીની મંજૂરી મળી છે. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા અને રાજ્યમંત્રી પ્રવીણ માળીના જણાવ્યા અનુસાર, ૧૦૩ હેક્ટર જમીનમાં રૂ. ૫૪૨.૧૪ કરોડના



ખર્ચે એશિયાનું પ્રથમ ડેઝર્ટ-થીમ આધારિત ઝૂ તૈયાર કરાશે. આ ઝૂમાં ૮૩ પ્રજાતિના આશરે ૨,૭૦૦ દેશી-વિદેશી પ્રાણી-પક્ષીઓ રાખવામાં આવશે. પ્રોજેક્ટનું મુખ્ય આકર્ષણ ડ્રાઈવ થ્રુ નાઈટ સફારી રહેશે, જેમાં સૂર્યાસ્ત પછી નિશાચર પ્રાણીઓ જોઈ શકાશે. આ ઉપરાંત રેપ્ટાઈલ સફારી, પક્ષીઘર, બટરફ્લાય પાર્ક અને એક્વેરિયમ જેવી સુવિધાઓ પણ ઉભી કરાશે. વડનગર, અંબાજી અને નડાબેટ સાથે જોડાઈને આ પ્રોજેક્ટ ઉત્તર ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને નવી ઊંચાઈ આપશે.

# અમદાવાદ સહિત રાજયના અનેક વિસ્તારોમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત

અમદાવાદ,તા.૧૨

રાજ્યના કેટલાક જિલ્લામાં હવામાન વિભાગે આવતીકાલે કેટલાક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. ત્યારે ૧૨ ઓગસ્ટે બપોર બાદ પાટણ, સાબરકાંઠા, બનાસકાંઠા, અમદાવાદના પાલડી સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. પાલનપુર-અંબાજી હાઈવે પર કેટલીક જગ્યાએ ઘૂંટણસમા પાણી ભરાયા છે. તો પાલનપુરના જૂના બસ સ્ટેન્ડ વિસ્તારમાં પણ પાણી ભરાતા વાહનચાલકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો



હતો.તો આ તરફ પાટણમાં મેઘરજાએ ધમાકેદાર બેટિંગ કરી છે. શહેરના રેલવે ગરનાળા અને તેની પાસેના વિસ્તારમાં પાણી ભરાવાની શરૂઆત થઈ છે. ગાયત્રી મંદિર તેમજ ચિત્રકુટનગર સોસાયટી, યોગેશ્વર પાર્ક સોસાયટી, શ્રીનગર સોસાયટી તેમજ અન્ય સોસાયટીઓમાં વરસાદથી પાણી ભરાઈ ગયા છે. રાજ્ય પર એકસાથે પાંચ સિસ્ટમ સક્રિય હોવાથી તેની અસરથી વરસાદી માહોલ રહેશે. લો પ્રેશર, મોન્સૂન ટ્રફ, શિયર ઝોન અને બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર રાજ્યમાં જોવા મળી રહી છે.

# નર્મદાના સાગબારામાં આદિવાસી ખેડૂતોનું આંદોલન ઉગ્ર, પાંચમા દિવસે ધરણાં યથાવત

નર્મદા,તા.૧૨

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં જંગલ જમીનના હક માટે ૧૨ ગામોના આદિવાસી ખેડૂતોનું ધરણાં પ્રદર્શન પાંચમા દિવસે પણ યથાવત રહ્યું છે. ભારે વરસાદ વચ્ચે પણ ખેડૂતો જમીન પર ખેતી કરવાનો હક મેળવવા માટે અહિંસક લડત ચલાવી રહ્યા છે. લીલાબેન વસાવાની આગેવાની હેઠળ શરૂ થયેલા આ આંદોલનને નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે સ્થળ પર પહોંચીને સમર્થન આપ્યું છે, જ્યારે સંસદસત્ર પૂર્ણ થયા બાદ સાંસદ મનસુખ વસાવા પણ જોડાશે. ખેડૂતોની માંગ અંગે યોગ્ય નિર્ણય ન આવે ત્યાં સુધી લડત ચાલુ રાખવાની ચીમકી આપવામાં આવી છે.

# નાસિરનગર ડિમોલિશન કેસ મામલે સુરત મનપા કમિશનર નાગરાજનને હટાવાયા

સુરત,તા.૧૧

સુરતના નાસિરનગર ડિમોલિશન કેસમાં ગુજરાત હાઈકોર્ટની ફટકાર બાદ રાજ્ય સરકારે સુરત મહાનગરપાલિકા કમિશનર નાગરાજનને પદ પરથી દૂર કર્યા છે. હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ સરકારનું સત્તાવાર નોટિફિકેશન રજૂ કરીને આ માહિતી આપી હતી. સમગ્ર મામલે હાઈકોર્ટે વધુ સુનાવણી માટે ૧૮ ઓગસ્ટની તારીખ નક્કી કરી છે, જેમાં અસરગ્રસ્ત પરિવારોના પુનર્વસન અને આગળની કાર્યવાહી અંગે વધુ ચર્ચા હાથ ધરાશે.

# યોગ્ય પધ્ધતિથી પ્રાકૃતિક ખેતી કરવામાં આવે તો શરૂઆતથી જ સારું ઉત્પાદન મેળવી શકાય છે : રાજ્યપાલ

મહેસાણા,તા.૧૨

વિસનગર APMC ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. રાજ્યપાલે જણાવ્યું કે યોગ્ય પધ્ધતિથી પ્રાકૃતિક ખેતી કરવાથી શરૂઆતથી જ સારું ઉત્પાદન મેળવી શકાય છે. રાસાયણિક ખેતીમાં એકરે રૂ. ૨૦ હજારનો ખર્ચ થાય છે, જે પ્રાકૃતિક ખેતીમાં ઘટીને માત્ર રૂ. ૨ હજાર થઈ જાય છે. રાસાયણિક ખાતરોથી જમીનની ફળદ્રુપતા અને



પર્યાવરણને નુકસાન પહોંચી રહ્યું છે. આ પ્રસંગે મંત્રી ઋષિકેશ પટેલે પણ ખેડૂતોને પશુપાલન સાથે પ્રાકૃતિક ખેતી અપનાવવા અપીલ કરી હતી. કાર્યક્રમમાં સાંસદ હરિ પટેલ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.






# ભાવનગર સમરસ હોસ્ટેલમાં ઢોકળામાં સિગારેટ, દાળ-ભાતમાં જીવજંતુ નિકળતા વિદ્યાર્થિનીઓનો હોબાળો

ભાવનગર,તા.૧૨

ભાવનગરની સમરસ હોસ્ટેલમાં ભોજનમાં કીડા, સિગારેટ અને પ્લાસ્ટિક મળવા તેમજ દૂષિત પાણી અને અસુરક્ષા મુદ્દે વિદ્યાર્થિનીઓએ ભારે વિરોધ નોંધાવ્યો છે. ગંદકીના કારણે કેટલીક



વિદ્યાર્થિનીઓ બીમાર પડી હોવાનો પણ આરોપ છે. ઘટનાની જાણ થતાં મોડી રાત્રે SDM અને મામલતદાર સહિતના અધિકારીઓ પહોંચ્યા હતા. એમ.એન. ગામિત અને SDM અક્ષર વ્યાસે વિદ્યાર્થિનીઓની ફરિયાદો સાંભળી યોગ્ય તપાસ અને સમસ્યાઓના નિકાલની ખાતરી આપી છે.